Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# जैनधर्म प्रकाश.

शार्दूलविक्रिडितम्.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

જેને જીવદયા વસી મનવિષે, લક્ષ્મીતણો ગર્વ નહીં,
ઉપકારે નહીં થાક, યાચકગણે આલ્હાદ માને સહી;
શાંતિ ચિત્તતણી, જુવાની મદના રોગે હણાયે નહીં,
એવા સુંદર શ્રેષ્ટ મુક્ત ગુણથી, શોધ્યે જવલ્લે મહી. ૧

પુસ્તક ૨૯ મું. પોષ. સંવત ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૧૦ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

| | | |
|---|---|---|
| ૧ | જૈન બલપોષક શ્રી વીરજિન સ્તુતિ. ... ... ... ... | ૨૯૧ |
| ૨ | સંસારની અસારતા યાને જિનસ્તુતિ ... ... ... ... | ૨૯૨ |
| ૩ | જ્ઞાનસાર સૂત્ર વીવરણમ્. ... ... ... ... ... | ૨૯૩ |
| ૪ | તપચિંતવન ... ... ... ... ... ... | ૩૦૦ |
| ૫ | પાપસ્થાનક પંદરમું ( રતિ-અરતિ. ) ... ... ... ... | ૩૦૪ |
| ૬ | ડો. હર્મન જેકોબીનું હિંદુસ્તાનમાં આગમન. ... ... ... | ૩૦૯ |
| ૭ | શેઠ ભગુભાઇ પ્રેમચંદને ત્યાં ઉજમણાનો મહોત્સવ... ... ... | ૩૧૩ |
| ૮ | જિનાગમ પ્રકાશ સબંધી કાર્યકર્તાઓને સૂચના. ... ... ... | ૩૧૫ |

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર–મૂળ.

શ્રી હેમચંદ્રાચાર્યકૃત આ ગ્રંથના દશ પર્વો એટલે દશ વિભાગો છે. તે બાબુ-હેબ રાય બુધસિંહજી બહાદુર તથા શેઠ વીરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઈ. ની ર્થિક મદદથી અમારી સભા તરફથી બહાર પાડવામાં આવેલ છે. તેની પાંચસો ચસો નકલ છપાવીને સાધુ સાધ્વીને તેમજ પુસ્તક ભંડારો અને જૈન લાઇબ્રેરી-માં ભેટ તરીકે બહોળે ભાગે આપવામાં આવેલ છે. બહુ જુજ નકલો વેચાણ તરીકે પાયેલ છે. તેના દશ પર્વો પૈકી પ્રથમના નવ પર્વોની નકલો અમારી પાસે ખલાસ થઇ ગેલ છે. તેથી ભેટ કે વેચાણ મંગાવનારને અમે મોકલી શકીએ તેમ નથી, માટે તેની કલો મંગાવવાની તસ્દી કોઇએ લેવી નહીં. દશમાપર્વનો ખપ હોય તો મંગાવવું.

## શ્રીમંત ગૃહસ્થો પ્રત્યે વિજ્ઞપ્તિ.

ઉપર જણાવેલ ચરિત્રની બીજી આવૃત્તિ કરવાની ઇચ્છા છે, કારણ કે હજુ ગણી શરૂ છે. તો કોઈ શ્રીમંત જૈન બંધુઓને પોતાના દ્રવ્યનો સદુપયોગ વો હોય તો પોતાનો વિચાર અમને જણાવવો. એટલે તેની ઇચ્છા પ્રમાણે એક બે તેથી વધારે પર્વો તેની તરફથી છપાવવામાં આવશે ખર્ચ એક હજાર શ્લોકે ૫૦૦ કલના રૂ ૧૦૦) લાગશે. એટલે જેટલા હજાર શ્લોક છપાશે તેટલા સેંકડામાં પાંચશેં કલો તૈયાર થશે. ખર્ચના પ્રમાણમાં નાના મોટા પર્વની ગોઠવણ કરવામાં આવશે.

## લાઇફ મેમ્બરોને ખાસ સૂચના.

આ સભાના લાંબા વખતના લાઇફ મેમ્બરોને આ ચરિત્રના દશે પર્વો ટ દાખલ આપવામાં આવ્યા છે. પરંતુ તજવીજ કરતાં સાતમું પર્વ કેટલાક ઇફ મેમ્બરને મોકલાયેલ નથી. તો જેમને પ્રથમના છ પર્વ ભેટ દાખલ મળ્યા ય ને સાતમું ન મળ્યું હોય તેમણે પત્ર લખી મંગાવી લેવું. નકલો બહુ જુજ લક છે તેથી મંગાવવામાં પ્રમાદ કરનારને અમે પાછળથી આપી શકશું નહીં.

ગયા વર્ષની લાઇફ મેમ્બરોને ભેટ આપવાની બુકો અને ગ્રંથો કેટલાક રણોથી હજુ સુધી કેટલાક મેમ્બરોને મોકલાયેલ નથી તે હવે પછી કલવામાં આવશે. ત્યાર બાદ ચાલુ વર્ષની ભેટ આપવાની બુકો સંબંધી નો-ટ બહાર પાડવામાં આવશે. કેમકે બે ત્રણ બુકો તૈયાર થયેલ છે અને જી થનાર છે.

તંત્રી.

## જૈન પંચાંગ

પર્વ તિથિઓ સંબંધી જૈન શાસનની પદ્ધતિ અને તપ ગચ્છની સમાચા-રી નહીં જાણનારા જૈન પંચાંગના નામથી પંચાંગ બહાર પાડવા લાગ્યા છે, તેમાં ... મુનિરાજની સંમતિ પણ લેવામાં આવતી નથી. તેથી ... ભૂલો કરવામાં આવે ... [illegible]

For Private And Personal Use Only

# जैन धर्म प्रकाश.

भो भो भव्याः प्रदीप्तभवनोदरकल्पोऽयं संसारविस्तारो निवासः शारीरादिदुःखानां । न युक्त इह विदुषः प्रमादः । अतिदुर्लभेयं मानुषावस्था । प्रधानं परलोकसाधनं । परिणामकटवो विषयाः । विप्रयोगान्तानि सत्सङ्गतानि । पातभयातुरमविज्ञातपातमायुः । तदेवं व्यवस्थिते विध्यापनेऽस्य संसारप्रदीपनकस्य यत्नः कर्तव्यः । तस्य च हेतुः सिद्धान्तवासनासारो धर्ममेघः । अतः स्वीकर्तव्यः सिद्धान्तः । सम्यक् सेवितव्यास्तदभिज्ञाः । भावनीयं मुण्डमालिकोपमानं । त्यक्तव्या खल्वसदपेक्षा । भवितव्यमाज्ञाप्रधानेन । उपादेयं प्रणिधानं । पोषणीयं सत्साधुसेवया । रक्षणीयं प्रवचनमालिन्यं । एतच्च विधिप्रवृत्तः संपादयति । अतः सर्वत्र विधिना प्रवर्तितव्यं । सूत्रानुसारेण प्रत्यभिज्ञातव्यमात्मस्वरूपं । प्रवृत्तावपेक्षितव्यानि निमित्तानि । यतितव्यमसंपन्नयोगेषु । लङ्घयितव्या विस्रोतसिका । प्रतिविधेयमनागतमस्याः । भवत्येवं प्रवर्तमानानां सोपक्रमकर्मविलयः । विच्छिद्यते निरुपक्रमकर्मानुबन्धः । तस्मादत्रैव यतध्वं यूयमिति ॥

। उपमितिभवप्रपञ्चा कथा ।

પુસ્તક ૨૯ મું. પોષ. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૫. અંક ૧૦ મો.

## જૈન બલપોષક શ્રી વીરજિન સ્તુતિ.*

( રાગ—શંકરાભરણનો. )

વિબુધ વીર ! ધન્ય ધીર ! જય જિનેશ્વરા !
પ્રણતપાલ દીનદયાલ ભવભીતિ હરા !
વિબુધ૦

અર્ણવમાં પડી રહે સદાય ભારતી,
પુણ્યપુંજ નાથની પ્રભા પ્રસારતી,
પાપવંત જીવને સદાય તારતી,

*જૈનશાળાના છાત્રોની મેળાવડા પ્રસંગે અથવા એવાજ કોઈ જાહેર પ્રસંગે આ સ્તવન [illegible]

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખદા........અમીદા........રસદા........
સૌરભશાલી–અતિવિશાલી–ધન્યયશાલી
શાન્તિ મુદકરા—વિબુધ૦
અહિંસિકાતણી ધ્વજા શી હિંદ ફરકતી,
ખંડ ખંડ દિવ્ય કીર્તિ આજ ભભકતી,
અગ્રગણ્ય સ્થાનનીએ જ્યોતિ ઝળકતી,
જલમાં........સ્થલમાં........નભમાં........
પુનિતનામે—યશદઠામે—મતિવિરામે
જય વિભુવરા—વિબુધ૦
ખંડ ખંડ જૈનબાલ વૃદ્ધિ પામજો,
કીર્તિ કાંતિ નીતિની શુભ વૃત્તિ જામજો,
સર્વભૂત હિતમાં સદા વિરામજો,
વિમલા........ધવલા........સરલા........
મુદિતવાણી—વીરવખાણી—શ્રેષ્ઠપ્રમાણી
વંદું અમીઝરા—વિબુધ૦.

શ્રી જૈન જ્ઞાનવર્ધક શાળા. વેરાવળ. } પોપટલાલ ગોવિંદજી. સાંગાણી.

# संसारनी असारता याने जिनस्तुति.

ધન્ય તેને જિન ગુણ ગાયા.
સંસારીઆમાં ધન્ય તેને જિન ગુણ ગાયા;
ગાડી ને વાડી લાડી સાથ નહિ આવે,
પડી રહેશે તારી માયા. .... ... સંસારીઆમાં૦
અત્તર ગુલાબથી ભભકી રહેલી,
ખાખ થશે તારી કાયા. .... .... .... સં૦
સગા ને સ્નેહી સહુ બહારનાં સંબંધી,
અંતરના એક જિનરાયા. .... ... .... સં૦
જ્ઞાન દાનની શુભ ભાવના ધરાવી,
સાર્થક બનાવ તારી કાયા. .... .... .... સં૦

શ્રી જૈન જ્ઞાનવર્ધક શાળા વેરાવળ. } પોપટલાલ ગોવિંદજી. સાંગાણી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ज्ञानसार सूत्र वीवरणम्.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી )

## अनात्मशंसाष्टकम्.( १८ )

### ( "લઘુતા ત્યાં પ્રભુતા" )

લઘુતા મેરે મનમાની, લહી ગુરૂગમ જ્ઞાન નિશાની. એ આંકણી.
મદ અષ્ટ જિનોને[1] ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાણી, દુઃખ લહત અધિક અભિમાની. લઘુ૦ ૧
શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે વશ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વરભાનુ[2] ભીતિ નિવારી. લઘુ૦ ૨
છોટી અતિ જોયણગંધી,[3] લહે ખટરસ સ્વાદ સુગંધી;
કરટી[4] મોટાઈ ધારે, તે છાર શીશ નિજ ડારે. લઘુ૦ ૩
જબ બાળચંદ્ર[5] હોઈ આવે, તબ સહુ જગ દેખણ જાવે;
પુનમ દિન બડા કહાવે, તબ ખીણ કળા હોઈ જાવે. લઘુ૦ ૪
ગુરૂવાઈ મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે;
અંગ માંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે. લઘુ૦ ૫
શિશુ રાજધામમેં જાવે, સખી હિલ મિલ ગોદ[6] ખિલાવે;
હોય બડા જાણ નવિ પાવે, જાવે તો શીશ કટાવે. લઘુ૦ ૬
અંતર[7] મદભાવ વહાવે, તવ ત્રિભુવન નાથ કહાવે;
ઈમ ચિદાનંદ એ ગાવે, રહેણી વીરલા કોઉ પાવે. લઘુ૦ ૭

નિર્ભયાષ્ટકમાં જણાવ્યું કે જેના ચિત્તમાં નિર્ભય ચારિત્ર વ્યાપી રહ્યું છે તેવા અખંડ જ્ઞાન-સામ્રાજ્યના ભોક્તા સાધુ પુરૂષને કોઇનો ભય રાખવાનું કશું પ્રયોજનજ નથી. તો પછી સ્વાત્મશ્લાઘા અને પરનિંદાના કારમા પ્રપંચમાં ઉતરવાની જરૂરજ શી? શુદ્ધ ચારિત્રવંત સાધુજનો એવા નકામા પ્રપંચમાં ઉતરવાની કશી જરૂર જોતાજ નથી. આત્મશ્લાઘા અને પરનિંદા ( પારકી ટીકા ) કરવાનું કામ આત્મનિષ્ટ જ્ઞાની સાધુજનોનું નથીજ. એ કામ તો અજ્ઞાની પુદ્ગલાનંદી યા ભવાભિનંદી ભ્રમિત જીવોનુંજ હોઇ શકે. આપ બડાઈ અને પરાઇ બદબોઈ કરવાથી પરિણામે કશો લાભ નથી પણ એકાન્ત નુકશાનજ છે. એથીજ આપણી અવનતિ થવા પામી છે, છતાં અજ્ઞાની પામર પ્રાણીઓ તેમાંજ રસપૂર્વક પ્રવર્તે છે, ત્યારે પરિણામદર્શી જ્ઞાની-વિવેકી સત્ ચરિત્રવંત સાધુ પુરૂષો તેવી બાળચેષ્ટાથી સદંતર દૂરજ રહે છે-દૂરજ રહેવા પ્રયત્ન કરે છે અને પોતાના

૧ જૈનોને. ૨ રાહુ. ૩ કીડી. ૪ હાથી. ૫ બીજનો ચંદ્રમા. ૬ ખોળામાં ૭ અંતરમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિત્ર વર્તનથી અન્ય આત્માર્થી જનને પણ એજ ઉત્તમ માર્ગે અનુસરવા બોધે છે. આવો દુષ્કર માર્ગ અનુસરવામાં તેમનો જે શુદ્ધ ઉદ્દેશ હોય છે તે સ્વપરના હિત માટે અંતર્મુખપણે શાસ્ત્રકાર સ્પષ્ટ કરે છે.

गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ॥
गुणैरेवासि पुर्णश्चेत्, कृतमात्मप्रशंसया ॥ १ ॥

**ભાવાર્થ**—જો તું ગુણોથી પૂર્ણ નથી તો આત્મ–પ્રશંસા કરવાથી સર્યું. તેમજ જો તું ગુણથી પૂર્ણ છે તોપણ આત્મ-પ્રશંસાથી સર્યું. ગમે તેમ હોય પણ સ્વપ્રશંસા કરવાનું કાંઇ પણ પ્રયોજનજ નથી. કેમકે ગુણહીનને ખોટી આત્મ--પ્રશંસાથી કંઇ ફાયદો થતો નથી. તેમજ સંપૂર્ણ ગુણવંતને કૃતકૃત્યપણાથી પરસ્પૃહા નષ્ટ થઈ જવાથી પોતાની પ્રશંસા પોતાના મુખે કરવાનું કંઇ પણ પ્રયોજન રહેતુંજ નથી. ૧

**વિવેચન**—જે અમૂલ્ય રત્ન નિધાનની જેવા અનંત જ્ઞાન દર્શન ચારિત્રાદિક ઉત્તમોત્તમ ગુણો પ્રત્યેક પ્રાણીની આત્મસત્તામાં રહેલા છે તે જ્યાંસુધી પૂર્ણપણે પ્રાપ્ત થઇ શકયા નથી–તે પ્રાપ્ત કરવા પૂરતું બળવીર્ય ફોરવી શકાયું નથી–અરે ! તદનુકૂળ પ્રત્યેક પ્રયત્ન સેવાયો નથી તેથી તથાપ્રકારના ગુણની ખામી છતાં ખોટી આત્મપ્રશંસા કરવાથી શું વળવાનું ? કશુંજ નહિ. ખાલી–ખોટી પ્રશંસા કરવા–કરાવવાથી ઉલટી આપણી અધોગતિજ થાય છે અને થવાની. ખોટી આપબડાઇ કરવાથી દુનીયાની દૃષ્ટિમાં પણ આપણે હલકા પડીએ છીએ અને સંપૂર્ણ જ્ઞાનીની નજરમાં પણ આપણે સ્વચ્છંદચારીપણાથી–ઉન્મત્ત આચરણથી–ખોટા બકવાદથી–તેમજ સાચા અને પવિત્ર માર્ગનું ઉલ્લંઘન કરવાથી યાવત્ તેમની હિતકારી આજ્ઞાનું ખુન કરવાથી પરમ અપરાધી ઠરીએ છીએ. મતલબ કે ગુણ વગરનો ખોટો ડોળડમાક કરવાથી કશો ફાયદો નથી પણ નુકશાન તો પારાવાર છે. તેથી સુજ્ઞ જનોએ એવી ખોટી આત્મપ્રશંસા કરવી નહિ, તેમાં પોતાનો કાળક્ષેપ કરવો નહિ અને મિથ્યા પરિશ્રમ ઉઠાવવો નહિં. પણ નિજસત્તામાં અત્યારસુધી અંધારામાં પડી રહેલા સદ્‌ગુણોને શીઘ્ર પ્રાપ્ત કરી લેવા માટે ઘટતા ઉપાયો યોજવા દરેક પ્રયત્ન સેવવો વ્યાજબી છે. એટલે ગુણ વગરની ખોટી ડંફાશ મારવી તે તો કોઇ રીતે વ્યાજબી નથી. એનો ચોક્કસ થયું. તેમજ વળી જે મહાનુભાવો ઉક્ત સમસ્ત ગુણોવડે અલંકૃત થયા છે; એટલે પોતાના પુરૂષાર્થવડે નિજ સત્તામાં રહેલા સઘળા ગુણોને જેઓ પ્રગટ કરી શકયા છે તેમને પણ આત્મશ્લાઘાની કશી જરૂર રહીજ નથી. કેમકે તેઓ કયારનાએ કૃતકૃત્ય થઇ ચૂકયા છે, ખોટો કંઈ પણ મનોગત કાર્ય સાધવા માટે–પોતાની વાહવાહ બોલાવવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે બીજાને હલકા પાડવા માટે અથવા એવાજ કોઈ હેતુ વિશેષથી સ્વાત્મશ્લાઘા કરવા પ્રવર્તે છે. તેમાંનું કશું કાર્ય સાધવાની પૂર્ણગુણીને કંઈ જરૂર રહેતીજ નથી. અર્થાત્ સ્વપ્રશંસા કરવાનું પ્રયોજનજ જ્યાં વિદ્યમાન ન હોય ત્યાં નિષ્પ્રયોજન પ્રશંસામાં પ્રવૃત્તિ પણ કેમજ થાય? કોણ કરે? શા માટે કરે? આથી પણ સિદ્ધ થયું કે આત્મશ્લાઘા કયાંય પણ ફલવતી જણાતી નથી. અપૂર્ણ ગુણવાળાને તેથી ફાયદાને બદલે ગેરફાયદો થાય છે. અને સંપૂર્ણ ગુણવાળાને હવે તેની કશી દરકારજ રહેતી નથી. કેમકે પોતે કૃતકૃત્યજ થઈ ચુકેલા છે. તેમ છતાં જે કોઈ અધૂરા લોકો આત્મપ્રશંસા કરવા કરાવવા માગે છે તેમને શાસ્ત્રકાર શિક્ષા આપે છે. ૧

**श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षांभःप्रवाहतः ॥**
**पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्स्यसि ॥ २ ॥**

**ભાવાર્થ**—જેમ જળના પ્રબળ પ્રવાહવડે વૃક્ષનાં મૂલાડીયાં ઉઘાડાં પડી જવાથી પછી તેને ફળ બેસતાં નથી, તેમ આત્મ–ઉત્કર્ષથી, કરેલા સુકૃતોને સ્વમુખે પ્રકટ કરી વખાણવાથી વિશિષ્ટ આત્મ–લાભ સંપાદન થઈ શકતો નથી. ૨

**વિવેચન**—તમે જે કંઇ સુકૃત્ય કર્યાં છે કે કરો છો તે જો તમે કેવળ આત્માર્થીપણેજ કરો, લોકદેખાવો કરવા વાહવાહ કહેવડાવવાની ખાતર ન કરો તો તેમાંથી પરિણામે અતિ અદ્ભૂત લાભ બેશક મેળવી શકો, પરંતુ મુગ્ધ મૃગલા જેવા અજ્ઞાન જીવો તેમ નહિ કરતાં ખોટી આશા–તૃષ્ણામાં તણાયાજ જાય છે. તેનું પરિણામ એ આવે છે કે, આપ બડાઈ હાંકતાં મિથ્યાભિમાનનો મહાપ્રવાહ તેમના ઉપર ફરી વળે છે તેથી શ્રેયવૃક્ષના સુકૃત્યરૂપી મુળાડીયાં ખુલાં ઉઘાડાં થઈ જાય છે. અરે! પોતેજ પોતાની મેળે પોતાની મૂર્ખાઈથી અભિમાનના ભારે આવેશમાં આવી પ્રથમ વાવેલાં સુકૃત વૃક્ષનાં પુન્ય–પવિત્ર–મજબૂત મૂળાડીયાં ઉઘાડાં કરી નાંખે છે. પછી એ સુકૃત વૃક્ષથી થવાનાં–મેળવવાનાં ઉત્તમ ફળ સ્વર્ગ મોક્ષાદિક શી રીતે મળી શકે વારૂ!!! ફલિતાર્થ એ છે કે સુજ્ઞજનોએ સ્વકૃત્યોની પણ શ્લાઘા સ્વમુખે કરવી નહિ તેમજ કરાવવી નહિ. તેમ છતાં અન્યજનો સ્વતઃ (તથા પ્રકારની આપણી ઇચ્છા કે પ્રેરણા વગરજ) આપણાં સુકૃત્યોથી પ્રસન્ન થઈ–આપણા ગુણથી પ્રમુદિત થઇને પ્રશંસા કરે તો તેથી આપણને કશી હાનિ પહોંચતી નથી એમ શાસ્ત્રકાર બતાવે છે.

आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ॥
अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવાર્થ--આપણા ગુણોનું બીજા અવલંબન કરે તે હિતકારી થાય છે, ણ જો પોતાના ગુણ પોતેજ ગાવા બેસે તો તેથી અધોગતિની પ્રાપ્તિ થાય છે. ગુણગ્રાહી જનોને ગુણીના ગુણ ગાવા ઉચિત અને હિતકારી છે, પણ ગુણી મા-ાસે સ્વમુખે સ્વગુણ ગાવા અનુચિત અને અહિતકારીજ છે. માટે મોક્ષાર્થી નોને સદા ગુણગ્રાહી થવા સાથે આત્મશ્લાઘાનો સમૂળગો ત્યાગ કરવો ઉચિત છે. સ્વશ્લાઘાર્થી પ્રાણી લઘુતાનેજ પામે છે. ૩

**વિવેચન**—આ ઠેકાણે ગુણનો અને રજ્જુનો મુકાબલો કર્યો છે. ઉપર ચઢવા ચ્છનાર ગમે તે સજ્જન રજ્જુની પેરે પર-ગુણનું આલંબન ગ્રહે તે ઉચિતજ છે. તે આલંબનવડે ગુણગ્રાહી સજ્જન સુખે ઉંચે ચઢી પણ શકે છે. પરંતુ ભારે આશ્ચર્યની વાત તો એ છે કે જો તેજ ગુણ-રજ્જુનું સ્વશ્લાઘારૂપે પોતેજ અવ-લંબન કરે-કરવા જાય તો તે ઊંચે ચઢવાને બદલે નીચે પટકાય છે, લઘુતા પામે છે, સ્વાર્થભ્રષ્ટ થાય છે, અને ફરી પાછા ઉપર ચઢવા જેટલી શક્તિ પણ ખોઇ બેસે છે. તેમ છતાં ક્વચિત્ કર્મદોષથી અભિમાનમાં આવી જઈ આપબડાઇ કરવા દોરાઇ જવાય તો તેવે સમયે આત્માર્થી જીવે શું કરવું તે ગ્રંથકાર કહે છે. ૩

उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशान्तिकं ॥
पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनं ॥ ४ ॥

**ભાવાર્થ**—આપણામાં અન્ય કરતાં અધિકગુણ માનવારૂપી દોષથી ઉત્પન્ન થયેલા સ્વાભિમાનરૂપી જ્વરને શાન્ત કરવાનો ઉતમ ઉપાય એ છે કે આપણે પૂર્વપુરૂષસિંહોથી લઘુતા ભાવવી. પૂર્વપુરૂષસિંહોના પવિત્ર ચરિત્રને સારી રીતે સંભારી યાદ લાવતાં આપણું ગુમાન આપોઆપ ગળી જાય છે. ૪

**વિવેચન**—આપણા મનમાં મદ-અહંકાર આવી જાય અને તેથી પ્રકૃતિ બગડી જાય-સંતપ્ત થઇ જાય-ચિત્તમાં ક્લેશ થવા પામે, મન માઝામાં ન રહે અને ઉન્મત્તપ્રાય બની જાય તેવે વખતે આદર્શરૂપ પૂર્વ મહાપુરૂષોનાં કે વર્ત-માન મહાપુરૂષોનાં ઉત્તમ ચરિત્રો તરફ પોતાની દૃષ્ટિ વાળવી, નિધા કરવી, તેમની ઉત્તમતા-નિર્મદતા-નિરભિમાનતા-નમ્રતા-સાદાઇ અને સરલતાદિકનો ખ્યાલ કરવો અને આપણે પણ એવા ઉત્તમ કેમ થઇ શકીએ તેવી રૂડી ભાવના કરવી. એમ કરવાથી આપણી ગંભીર ભૂલ આપણને નજરે પડશે, ગુણનો મહાન્ પટંતર રહેલો સમજાશે અને આપણી મૂર્ખાઇ ઉપર આપણને હસવું આવશે અથવા તેને માટે આપણને ભારે ખેદ-પશ્ચાતાપ થશે અને ફરી તેવી મૂર્ખાઇ નહિં કરવા મન લલચાશે. આ રીતે શુભ પ્રયત્ન કરવાથી અંતે રૂડું પરિણામ આવશે અને આવી તુચ્છ વસ્તુની ખાતર મદ કે અહંકારજ શા માટે કરવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ ? અરે ! જ્ઞાની-વિવેકી જનોનું એ કામજ નથી એમ શાસ્ત્રકાર સમજાવે છે. ૪

शरीररूपलावण्यग्रामारामधनादिभिः ॥
उत्कर्षः परपर्यायै–श्चिदानन्दघनस्य कः ॥ ५ ॥

**ભાવાર્થ**—શરીર, રૂપ, લાવણ્ય, ગ્રામ, આરામ અને ધન વિગેરે પરપર્યાયો વડે સ્વઉત્કર્ષ માનવો–અહંકાર કરવો એ આત્માનંદી જીવને બીલકુલ ઉચિત નથી. તેવી વસ્તુવડે તો કેવળ પુદ્ગલાનંદી જીવોજ ગર્વ કરે છે, પણ આત્માનંદી જીવો ગર્વ કરતા નથી. ૫

**વિવેચન**—સડણ પડણ અને વિધ્વંસનસ્વભાવવાળું શરીર, તેના ઉપર કરેલા જાતજાતના કલર જેવું દેખાતું દેખાવડું રૂપ, તેમાં કંઈક તરી આવતી લાલપરૂપ લવણિમા–લાવણ્ય, તેમજ ગામ–ગરાસ, બાગ બગીચા પ્રમુખ વૈભવનાં સાધન અને એ ઉપરાંત અનેરાં લક્ષ્મી પ્રમુખ સુખસાધનો ગમે તેવાં અને ગમે તેટલાં હોય તોપણ તે બધાં અનિત્ય–ક્ષણ વિનાશી, અસાર–પરિણામે ખેદ ઉપજાવનારાં અને અંતે અવશ્ય છેહ દઇ ચાલ્યા જનારાં હોવાથી ચિદાનંદઘન–આત્માને તે તે પુદ્ગલિક વસ્તુઓ કર્મયોગે પામીને તે વડે ગર્વ કરવો કેમજ ઘટે ? નજ ઘટે. અરે ! તત્ત્વજ્ઞાની મહાત્માઓ તો સ્વગુણનો પણ ગર્વ કરતા નથી તો પછી અસાર વસ્તુનો તો ગર્વ કરેજ કેમ ? એમ શાસ્ત્રકાર બતાવે છે. ૫

शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्यायाः परिभाविताः ॥
अशुद्धाश्चाऽपकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ॥ ६ ॥

**ભાવાર્થ**—જ્ઞાનાદિક શુદ્ધ પર્યાયો પણ પ્રત્યેક આત્માને સરખા હોવાથી અને શરીર વિગેરે અશુદ્ધ પર્યાયો અપકૃષ્ટ ( નજીવા ) હોવાથી તે વડે મહામુનિને સ્વોત્કર્ષ (અહંકાર) કરવો લાયક નથી. શુદ્ધ પર્યાયોવડે પણ ગર્વ કરવો યુક્ત નથી તો નજીવા શરીર, રૂપ અને લાવણ્યાદિક અશુદ્ધ પર્યાયોવડે તો ગર્વ કરવો કેમજ ઘટે ? ૬

**વિવેચન**—તત્ત્વવેત્તા મહા મુનીશ્વરો સારી રીતે સમજે છે કે નિર્મળ જ્ઞાન, દર્શન અને ચારિત્રાદિક શુદ્ધ આત્મિક ગુણો પણ પ્રત્યેક આત્માને સહભાવીજ હોય છે. કેટલાકને તે પુરૂષાર્થયોગે પ્રગટ થયેલા હોય છે ત્યારે બીજાઓને તેજ ગુણો તિરોભૂત–અપ્રગટ હોય છે. સત્તાગતે તો સહુને સમાનજ હોય છે. જે ગુણો પ્રથમ અપ્રગટ સતા સહુને સમાન હતા તે ગુણોજ આપણા પુરૂષાર્થથી પ્રગટ થતા હોય અથવા થયા હોય તો તેમાં ગર્વ શાનો કરવો ? અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે શુદ્ધ–નિષ્કલંક સ્વગુણોનો પણ ગર્વ કરવો અયુક્ત છે તોપછી તુચ્છ અને ક્ષણવારમાં દૃષ્ટ નષ્ટ થઇ જનારા પરપુદ્‌ગલિક પદાર્થોનો તો ગર્વ કરવો ઘટેજ કેમ ? આમ છતાં જે કોઇ મુગ્ધતાથી તેનો ગર્વ કરે છે તે પરિણામે હાનિનેજ પામે છે એમ શાસ્ત્રકાર જણાવે છે–સમજાવે છે. ૬

क्षोभं गच्छन् समुद्रोपि, स्वोत्कर्षपवनेरितः ॥
गुणौघान् बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ॥ ७ ॥

**ભાવાર્થ**--ગુરૂ મહારાજ શિષ્યને ઉપદિશે છે કે, ભાઇ ! તું દીક્ષિત છતાં સ્વોત્કર્ષ વડે સંયમનો ક્ષોભ કરીને ગુણરત્નોનો વ્યર્થ વિનાશ શા માટે કરે છે ? ગમે તેટલા ગુણને પામેલો સંયમી, સ્વગુણનો ગર્વ કરવાથી હાનિજ પામેછે. ૭.

**વિવેચન**--અત્ર સાધુને સમુદ્રની સંગાતે સરખાવી ઉપદેશ આપ્યો છે અથવા અન્યોક્તિવડે સાધુનેજ સમજ આપી છે. જેમ સમુદ્ર પ્રચંડ પવનની પ્રેરણાથી ક્ષોભ પામી તોફાન મચાવી બહુ ભંજવાડ કરે છે તેમ હે સાધુ ! જો તું સમુદ્ર એટલે મુદ્રાયુક્ત–સાધુવેશ ગ્રહણ કરી સાધુ વ્રતને ધારણ કર્યાં છતાં આત્મ ઉત્કર્ષ ( આપ બડાઈ–આત્મશ્લાઘા ) અને પરાપકર્ષ (પરનિંદા-પરની અપભ્રાજના ) કરવારૂપ પ્રચંડ મદ–માયાના આવેશમાં આવી તારા પવિત્ર વ્રત નિયમ પાળવા રૂપ ચારિત્ર પ્રાણને ડોળી નાંખીશ તો પરિણામે તારા સઘળા સદ્‌ગુણોનો વ્યર્થ વિનાશ થઇ જશે, જેથી તું ત્હારી સ્વભાવિક પ્રતિષ્ઠા ગમાવી લોકમાં પણ હાંસીપાત્ર કરશે અને પરભવમાં પણ સાર સંબલવગર ભારે વ્યથા પામીશ. આટલી વાત લક્ષમાં રાખી મિથ્યાભિમાનને વશ થઇ આપબડાઈ મારવાની અને પારકી બદબોઈ કરવાની પડેલી કુટેવને તજી દેશે અને સમતા રસમાં ઝીલી શુદ્ધ ચારિત્ર પાળશે તો તું અવશ્ય સુખી થઇશ. સાધુને ઉદ્દેશીને શાસ્ત્રકારે કહેલી આ વાત સહુ કોઇને લાગુ પડી શકે છે. મતલબ કે સહુ કોઇ આત્માર્થી જનોએ આત્મશ્લાઘા કહો કે આપબડાઇ કરવાની તેમજ પારકી નિંદા કરવાની ટેવ કહો તે તજી દઈ સ્વભાવરમણી થવામાંજ સાર છે. એમ ચોક્કસ સમજીને ગમે તેવા સંયોગોમાં પણ સંભાળથી સ્વ અધિકારમુજબ શુદ્ધ ચારિત્ર પાળવાની જરૂર છે. હવે આત્માશ્લાઘા તજી શુદ્ધ ચારિત્રનું સાવધાન પણે પાલન કરનારા યોગી જનો કેવું આદર્શ જીવન વહે છે તે શાસ્ત્રકાર બતાવે છે. ૭

निरपेक्षानवच्छिन्ना–नंतचिन्मात्रमूर्तयः ॥
योगिनो गलितोत्कर्षा–पकर्षानल्पकल्पनाः ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—સ્પૃહા રહિત અને અખંડ અનંત જ્ઞાનનાજ નમુનારૂપ યોગી જનો સ્વઉત્કર્ષ અને પરઅપકર્ષ સંબંધી સર્વ કલ્પનાઓથી મુક્તજ રહે છે. સ્વસ્વરૂપમાં સ્થિત યોગીજનો કેવલ નિઃસ્પૃહ હોવાથી આપમડાઇ કે પરનિન્દા કરતાજ નથી. તેઓ તો પરમસુખમય નિવૃત્તિ માર્ગજ પસંદ કરે છે, પરપરિણતિરૂપ કુત્સિત પ્રવૃત્તિ તેમને પસંદ પડતીજ નથી. ૮.

**વિવેચન**—જેમને પર પુદ્ગલિક વસ્તુની કશી પરવાજ નથી; જેમને મન રાજા અને રંક સમાન છે, કાચ અને મણિ સરખા છે, કનક અને પથ્થર તુલ્ય છે, તેમજ જેઓ અનંત અને અગાધ જ્ઞાન માત્રમાંજ વિશ્રાન્તિને પામેલા છે એવા મહાનુભાવ યોગેશ્વરોને સ્વપ્નમાં પણ સ્વાત્મશ્લાઘા અને પરનિંદાદિક કરવાના અનિષ્ટ પરિણામ સંભવેજ કેમ? જગતની જંજાળથી ન્યારા રહી સાવધાનપણે સંયમધુરાને ધારણ કરનારા જે વીરલ યોગીશ્વરો જૈન શાસનને દીપાવે છે તેમનું શ્રી ચિદાનંદજી મહારાજ નીચેના પદ્યમાં ગુણગાન કરે છે. એ ચિતાર સુહૃદ જનોને ખરેખર હૃદયવેધક લાગે છે.

**અવધૂ નિરપક્ષ વિરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઇ; અવધૂ૦ એ આંકણી.**

સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;<br>
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેંગે નર સોઇ. **અવધૂ૦** ૧<br>
રાવ[1] રંકમેં ભેદ ન જાને, કનક ઉપળ[2] સમ[3] લેખે;<br>
નારી નાગણીનો નહી પરિચય, તો શિવમંદિર દેખે. **અવધૂ૦** ૨<br>
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;<br>
તે જગમેં જોગીસર પુરા, નિત્ય ચડતે ગુણઠાણે. **અવધૂ૦** ૩<br>
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;<br>
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ[4] સમ શુચિ ધીરા. **અવધૂ૦** ૪<br>
પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;<br>
**ચિદાનંદ** ઇશ્યા જન ઉત્તમ, સો સાહેબકા[5] પ્યારા. **અવધૂ૦** ૫

ખરેખર આવાજ મુમુક્ષુ પુરૂષો સ્વાત્મહિત સાધી શકે છે તેમજ અન્ય આત્માર્થી ભવ્યજનોને પણ આલંબનરૂપ થઇ શકે છે. કલિકાળના માહાત્મ્યથી કંટકબહુલ શાસનમાં આવા મહાન્ પુરૂષોજ આધારરૂપ હોવાથી અનુસરવા યોગ્ય છે. **સ્વાત્મનિષ્ઠ સાધુ પુરૂષો પવિત્ર તીર્થરૂપ છે,** એવી ઉંડી **સમજ** અને **શ્રદ્ધા** સહિત જે ભાવિત આત્માઓ જંગમ તીર્થરૂપ એ પવિત્ર આશય સાધુ પુરૂષોનો આશ્રય ગવેષે છે તેઓ તેમના ઉત્તમ આલંબનવડે ઉપાધિજન્ય અ-

૧ રાજા ૨ પથ્થર. ૩ સમાન. ૪ મેરૂ પર્વત. ૫ પરમેશ્વરના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાન્તિને દૂર કરી પારમાર્થિક શાન્તિને મેળવી શકે છે. જેમનું એક પણ વચન ભવ્ય જીવોને અતુલ શાન્તિ પ્રગટાવે છે તેમના પવિત્ર સમાગમમાં આવી-રહી અહોનિશ ઉપદેશામૃતનું પાન કરી જે ભવ્યાત્માઓ પોતાના અનાદિ વિષય કષાયાદિક તાપને ઉપશમાવી સમતા રસમાં ઝીલ્યા કરે છે તેમના ભાગ્યનું તો કહેવુંજ શું ? પોતાના પવિત્ર વર્તનથી પરમાત્માનીજ પ્રસન્નતાને મેળવવા મથતા મહાશયો સ્વાત્મશ્લાધાના ચુંથણા ચુંથવા પસંદ કરે શું ? નહિંજ. કદાપિ નહિં. રાજહંસની ગતિ ન્યારીજ હોય છે અને કલ્યાણકારી પણ એજ છે. ૮.

ઇતિશમ્.

# तपश्चिंतवन.

અશુભ કર્મોને ખપાવવા માટે તપ જેવું પ્રબળ સાધન બીજું એકે નથી. નિકાચીત કર્મો પણ તપથી ક્ષય જાય છે. તીર્થંકર ભગવંત નિયમા તદ્ભવ મોક્ષે જવાના હોય છે તે છતાં પણ પૂર્વોપાર્જિત કર્મોને અપાવવાને માટે તપસ્યા કરે છે. સાંપ્રત સમયમાં પુરૂષ વર્ગમાં તપ સંબંધી અત્યંત શિથિલતા પ્રસાર પામી છે તેમાં પણ નવા ઉછરતા બાળકો-ઇંગ્રેજી કેળવણી લીધેલા વિદ્યાર્થીઓ અને ગ્રેજ્યુએટો વિગેરે તપ સંબંધી અશ્રદ્ધાવાળા વિશેષે દૃષ્ટિગોચર થાય છે. તેનું મૂળ કારણ શરીરપરની વિશેષ મૂર્છા અને પુદ્ગળાનંદીપણું છે. રખે શરીર કરમાઇ ન જાય? એની અહર્નિશ તેમને ચિંતા રહે છે. જોકે શરીર તો કરમાવાનું કે વ્યાધિગ્રસ્ત થવાનું હોય છે ત્યારે તેના માલેકનું ધાર્યું કરતું નથી પરંતુ મોહગ્રસ્ત મનુષ્ય નિરંતર તેની આસના વાસના કર્યા કરે છે. અને તેથીજ તપના સંબંધમાં તેમની વૃત્તિ શિથિળ દેખાય છે.

જૈનશાસ્ત્રકાર નિત્યકૃત્યમાં **તપને** પ્રથમ પદ આપે છે. શ્રાવકે દરરોજ પ્રાતઃકાળમાં વિચાર કરવોજ જોઇએ કે 'આજે શું તપ કરીશ ?' તિથિ પર્વાદિકે તો અવશ્ય એ વિચારનો અમલ કરી વિશિષ્ટ તપ કરવો જોઇએ. શ્રાવક નામ ધારકે-શ્રાવકના વ્રતોની આરાધના કરવાના ઇચ્છકે દરરોજ પ્રાતઃકાળે પ્રતિક્રમણ કરતો ન હોય તોપણ તપ સંબંધી વિચાર તો કરવોજ જોઇએ. અને સામાન્ય દિવસો કરતાં અષ્ટમી ચતુર્દશી વિગેરે તિથિએ અવશ્ય તપમાં કાંઇ વિશિષ્ટતા કરવી જોઇએ. અને તે કરતાં ઓળી તથા પર્યુષણાદિકના દિવસોએ અને જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચોમાસી ચતુર્દશી, કાર્ત્તકી ચૈત્રી પુર્ણિમા વિગેરે મહાન્ તિથિઓએ તે કરતાં પણ વિશિષ્ટ તપ કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિક્રમણ નહીં કરનારા શ્રાવકભાઇઓએ પણ દરરોજ પ્રભાતે સૂર્યોદય થયા અગાઉ વિચાર કરવો જોઇએ કે-"આજે કઇ તિથિ છે અથવા કયું પર્વ છે?" એનો વિચાર કર્યા પછી "આજે નવકારશીજ કરવી છે કે તે કરતાં કાંઇ વધારે તપ કરવો છે?" તેનો વિચાર કરી આત્મશક્તિને ગોપવ્યા શિવાય જે તપ કરવો હોય તેનો નિર્ણય કરવો જોઇએ. પછી નિશ્ચિત કરેલ તપ જિનમંદિરમાં દર્શન કરી ચૈત્યવંદન કરીને છેવટનું ખમાસમણ દીધા પછી ઉભા થઇને યાદ કરવો જોઇએ. અને પછી ગુરૂ મહારાજ પાસે જઈ વંદન કરીને તે તપનું પ્રત્યાખ્યાન લેવું જોઇએ. આ પ્રમાણે શ્રાવકની દરરોજની કરણીમાં તપનો મુખ્ય અને અગ્ર ભાગ છે.

જેઓ વિશિષ્ટ પ્રકારે શ્રાવકપણું ધરાવતા હોય-જેમણે શ્રાવકના એક બે કે બારે વ્રત અંગીકાર કર્યાં હોય તેમણે તો બંને ટંક આવશ્યક-પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઈએ. તેમને પ્રભાતના રાઇ પડિકમણામાં, વંદિતુ કહ્યા પછીના કાયોત્સર્ગમાં તે દિવસે કરવાના તપ સંબંધીજ ચિંતવન કરવાનું છે. તે કાયોત્સર્ગ **તપચિંતવન**નોજ છે. જેમને તપ ચિંતવન કરતાં આવડતું નથી તેઓ તેને બદલે ચાર લોગસ્સ પૂરા ચિંતવે છે. પરંતુ તે મૂળ વિધિ નથી; મુખ્ય વિધિ તપનું ચિંતવન કરવાનોજ છે. વિધિ શુદ્ધ કરવાના અભિલાષી શિવાય આ તપ ચિંતવન કેમ કરવું? તે ઘણા શ્રાવક ભાઇઓ જાણતા પણ નથી. તેથી અહીં તે ચિંતવન જે રીતે કરવાનું છે તે રીતે લખવામાં આવે છે.

કાયોત્સર્ગના પ્રારંભમાં પોતાના આત્માને પ્રશ્ન કરવાના રૂપમાં પ્રતિક્રમણ કરનાર શ્રાવક કે શ્રાવિકા જે હોય તેણે ચિંતવવું કે-"શ્રી વર્દ્ધમાન સ્વામીનું તીર્થ વર્તતે સતે હે જીવ! શ્રી વર્દ્ધમાન સ્વામીએ કરેલા છ માસી તપને તું કરી શકીશ?-કરવાને શક્તિમાન છું?" આનો ઉત્તર તરતજ ચિંતવે કે "શક્તિ નથી[1]" પછી "એક દિવસ ઉણો છમાસી તપ કરી શકીશ? બે દિવસ ઉણો કરી શકીશ? ત્રણ દિવસ ઉણો કરી શકીશ?" એમ એક એક દિવસ ઘટાડતો પાંચ મહિના સુધી આવે. અને દરેક વખતે તેનો ઉત્તર ચિંતવે કે-"શક્તિ નથી."

૧ અહીં 'શકિત નથી' એની સાથે 'પ્રણામ નથી' એમ પણ કહેવાની કેટલીક જગ્યોએ પ્રવૃત્તિ છે અને પછી જેટલો તપ કર્યો હોય તેટલે આવ્યા પછી 'શકિત છે, પ્રણામ નથી' એમ કહે છે. વળી કેટલાક કહે છે કે, પ્રથમ એમ કહેવું કે-'શકિત નથી, પ્રણામ છે.' એટલે પ્રણામ તો છ માસી તપ કરવાના છે પણ શકિત તેવી નથી. પછી જેટલો તપ પૂર્વે કર્યો હોય એટલે આવ્યા પછી 'શકિત છે, પ્રણામ નથી' આમ કહેવું આ વાત પણ ગલત સ્થાપવા જેવી લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારપછી એક એક માસ ઘટાડે [૨] એટલે "ચાર માસી તપ કરી શકીશ? ત્રણ માસી તપ કરીશ? બે માસી તપ કરીશ? માસ ખમાણ કરીશ?" એમ ચિંતવે અને તેનો ઉત્તર "શક્તિ નથી" એવો ચિંતવે. ત્યાર પછી એક એક દિવસ ઘટાડતો જાય. એટલે "એક દિવસ ઉણું માસખમણ કરીશ? બે દિવસ ઉણું કરીશ? ત્રણ દિવસ ઉણું કરીશ?" એમ યાવત્ 'તેર દિવસ ઉણું કરીશ?' એમ ચિંતવે. પછી સોળ ઉપવાસને બદલે "૩૪ ભક્ત* કરીશ? ૩૨ ભક્ત કરીશ? ૩૦ ભક્ત કરીશ?" એમ બબે ભક્ત ઘટતો ઘટતો યાવત્ "ચોથ ભક્ત કરીશ?" ત્યાંસુધી ચિંતવે. આમાં પોતે પૂર્વે જ્યાંસુધીનો તપ કરેલો હોય ત્યાંસુધી આવે ત્યારે જવાબમાં "શક્તિ છે, પ્રણામ નથી" એમ ચિંતવતો જાય. ચોથ ભક્ત પછી "ચૈવિહાર ઉપવાસ, તિવિહાર ઉપવાસ, આંબિલ, નિવી, એકાસણું, બેઆસણું, અવઢ્ઢ (ત્રણ પહોર પછી ખાવું તે), પુરિમઢ્ઢ (મધ્યાન્હ પછી ખાવું તે), સાઢ પોરિસિ (દોઢ પહોર પછી ખાવું તે), પોરિસિ–" એમ ચિંતવે. એટલે "ચોવિહાર ઉપવાસ કરીશ? તિવિહાર ઉપવાસ કરીશ,? આંબિલ કરીશ?" એમ ચિંતવે. અને જવાબમાં "શક્તિ છે, પ્રણામ નથી" એમ કહે, પરંતુ તે દિવસે જે તપ કરવો હોય ત્યાંસુધી આવે ત્યારે "શક્તિ છે અને પ્રણામ પણ છે." એમ વિચારી "નમો અરિહંતાણં" કહી કાઉસગ્ગ પારે. છેવટ નવકારશી તો શ્રાવકે અવશ્ય કરવીજ જોઇએ એટલે "નવકારશી કરીશ? શક્તિ છે, પ્રણામ પણ છે." એમ વિચારી કાઉસ્સગ્ગ પારે.

આ પ્રમાણેનું ચિંતવન કરવામાં જ્યાં સુધીનો તપ કરવો હોય ત્યાં સુધી આવ્યા બાદ અને તેનો ઉત્તર "શકિત છે, પ્રણામ પણ છે" એમ વિચાર્યા પછી ત્યાર પછીના, તેથી ઉતરતા તપ સંબંધી ચિંતવન કરવાનું નથી. આ ચિંત-

---

૨ અહીં મહીનો મહીનો ઘટાડવાને બદલે 'એક બે ત્રણ ચાર પાંચ દિવસ ઉણો પાંચ માસી તપ કરીશ?' એમ પાંચ પાંચ દિવસનો થોકડો ભેળો કહે, પણ એક સાથે મહીનો ન ઘટાડે, એમ કેટલાક કહે છે, ને તેની પ્રવૃત્તિ પણ છે. તેઓ છમાસી તપ કરીશ? એમ કહ્યા પછી પણ એક એક દિવસ ન ઘટાડતાં પાંચ પાંચ દિવસનો ઉપર પ્રમાણે થોકડોજ ઘટાડે છે. તેનજ પંદર દિવસ ઉણો છમાસી કહ્યા પછી એક બે ત્રણ ચાર પાંચ દિવસ ઉણો સાડા પાંચ માસી તપ કરીશ? એમ કહે છે. એ પ્રમાણે સાડા ચાર, સાડા ત્રણ, અઢી ને દોઢ માસી કહેવાનું પણ સમજવું. આમાં કાંઇ અયુક્ત જણાતું નથી.

* આ એક પ્રકારની જૈનશાસ્ત્રમાં આપેલી સંજ્ઞા છે અને તે સકારણ છે. ૧૬ ઉપવાસના બબે ટંકના (૩૨) ભકત અને આગળ પાછળ એકાસણું કરવાથી તે બે દિવસના ત્યાગરૂપ બે ભક્ત મળીને ૩૪ ભક્ત થાય છે. પ્રથમ ઉપવાસની પહેલાં ને પછી એકાસણું કરવાની પ્રવૃત્તિ હોવાને લીધે આ પ્રમાણે ભક્ત ગણીને કહેવાની પ્રવૃત્તિ થઇ હશે એમ સંભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વન કરવામાં જેને ટેવ પડેલ હોયછે તેને ચાર લોગસ્સ કરતાં વધારે ટાઇમ લાગતો નથી, જોકે આ કાઉસગ્ગનું પ્રમાણજ તપ ચિંતવન રૂપ છે એટલે કાળ ને લગતો બીજો વિચાર કરવાનોજ નથી.

નવકારશીનું પચ્ચખ્ખાણ સૂર્યોદય પછી બે ઘડીએજ પારી શકાયછે અને તેટલા ટાઇમે બરાબર પાળી ન શકાય-તેથી વધારે ટાઇમ જાય તેટલા માટે નવકારશીની ભેળું મુઠ્ઠસહી રૂપ અભિગ્રહ પ્રત્યાખ્યાન પણ આપવામાં આવે છે. પ્રભાતનું કોઇ પણ પ્રત્યાખ્યાન બે ઘડી અગાઉ પારી શકાતું જ નથી એ ચોકસ ધ્યાનમાં રાખવું.

આ પ્રમાણે તપ સંબંધી ચિંતવન કરવામાં મોટો લાભ તો વિધિની શુદ્ધતા અને પરમાત્માની આજ્ઞાનું આરાધન થાય છે તે છે, પરંતુ અવાંતર લાભ આવો વિચાર કરવાથી અવશ્ય કોઈ કોઇ દિવસે વિશિષ્ટ તપ થાય છે તે છે. જેઓ પ્રતિક્રમણ કરીને તેમાં અથવા તે શિવાય તપ સંબંધી વિચારજ કરતા નથી તેઓ પ્રાયે વિશિષ્ટ તપ કરવાથી બેનશીબ રહેછે.

આ તપ ચિંતવનનો વિધિ શ્રાવક સમુદાયમાં પ્રાયે લુપ્ત પ્રાય થઇ ગયેલો જણાવાથી અને તેને માટે એક મુનિરાજની ખાસ પ્રેરણાથી આ લેખ લખેલો છે. તેથી જૈન બંધુઓએ તે સાદ્યંત લક્ષપૂર્વક વાંચીને તેનો લાભ લેવો. હૃદયમાં આ ચિંતવનનો વિધિ ફરીને ન ભૂલાય તેમ ધારી લેવો. બરોબર સમજાય નહિં તો કોઈ વિદ્વાન મુનિરાજ કે શ્રાવક પાસે સમજી લેવો, બીજાઓને સમજાવવો અને દરરોજ અવશ્ય આ પ્રમાણે ચિંતવન કરવું. પ્રભાતે પ્રતિક્રમણ કરવામાં આવે ત્યારે તો અવશ્ય પ્રસ્તુત કાયોત્સર્ગમાં આ વિધિ પ્રમાણે તપચિંવનજ કરવું.

આ વિધિ શ્રીજયચંદ્ર ગણી કૃત **"કિંચિત્ હેતુગર્ભ પ્રતિક્રમણ ક્રમવિધિ"** નામના લઘુ ગ્રંથમાંથી લેવામાં આવ્યો છે. એ ગ્રંથ મહાન્ ઉપગારી શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની પાસે ધારીને તેનું ભાષાંતર શ્રી જૈનધર્મ પ્રસારક સભાદ્વારા છપાવવામાં આવેલુંછે. આવશ્યક ક્રિયા શુદ્ધ કરવાના અભિલાષી શ્રાવક શ્રાવિકાઓએ એ ગ્રંથ અથવા તેનું ભાષાંતર અવશ્ય વાંચવા યોગ્ય છે.

આ લેખનો જૈન બંધુઓ વાંચી વિચારી હૃદયમાં ધારી રાખવા ઉપયોગ કરશે તો લેખકનો પ્રયાસ સફળ થશે. તથાસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पापस्थानक पंदरमुं (रति-अरति.)

(પ્રથમ ગોપાળ તણે ભવેજી–એ દેશી.)

જિહાં રતિ કોઇક કારણેજી, અરતિ તિહાં પણ હોય;
પાપ સ્થાનક પંદરમુંજી, તેણે એ એકજ હોય. સુગુણ નર !
સમજો ચિત્ત મોઝાર. ૧ એ આંકણી.
ચિત્ત અરતિ રતિ પાંખશુંજી, ઉડે પંખી રે નિત્ય;
પિંજર શુધ્ધ સમાધિમેંજી, રૂંધ્યો રહે તે મિત્ત. સુગુણ નર૦ ૨.
મન પારદ[1] ઉડે નહિ જી, પામી અરતિ રતિ આગ;
તો હોય સિદ્ધિ [2]કલ્યાણનીજી, ભાવઠ જાયે ભાગ. સુગુણ નર૦ ૩.
રતિ વશે અરતિ કરીજી, ભુતારથ હોય જેહ;
તસ વિવેક આવે નહીંજી, હોય ન દુઃખનો છેહ. સુગુણ૦ ૪.
રતિ અરતિ છે વસ્તુથીજી, તે ઉપજે મન માંહિ;
અંગજ[3] વલ્લભ સુત હોવેજી, યુકાદિક[4] નહીં કાંહી. સુગુણ૦ ૫.
મન કલ્પિત રતિ અરતિ છે જી, નહીં સત્ય પર્યાય;
નહીં તો વેચી વસ્તુમાંજી, કિમ તે સવી મીટ જાય. સુગુણ૦ ૬.
જેહ અરતિ રતિ નવિ ગણેજી, સુખ દુઃખ હોય સમાન;
તે પામે જસ સંપદાજી, વાધે જગ તસ વાન. સુગુણ૦ ૭.

**ભાવાર્થ**–જ્યાં કંઇક કલ્પિત અનુકૂળ કારણથી **રતિ**–પ્રીતિ જાગેછે ત્યાંજ પ્રતિકૂળ કારણ પ્રાપ્ત થવાથી પાછી **અરતિ**–અપ્રીતિ ઉપજેજ છે, તેથી રતિ અરતિનો સાથેજ જેમાં સમાવેશ થઇ રહેછે એવું આ પંદરમું પાપસ્થાનક શાશ્વત સુખના અર્થી જનોએ અવશ્ય પરિહરવું યોગ્ય છે. એમ વિવેક દ્રષ્ટિ-વડે બરાબર વિચારી જોતાં તમને સહેજ સમજાશે. ૧.

રતિ ને અરતિરૂપી બે પાંખોવડે મનરૂપી પંખી ચારે બાજુ ઉડતું ફરે છે તેને જો શુદ્ધ સમાધિરૂપી પાંજરામાં પૂર્યું હોય તોજ તે સ્થિર રહે છે. ૨.

ગમે એવા અનુકૂળ કે પ્રતિકૂળ કારણો ગળ્યા છતાં રતિ–અરતિની આંચ મનને લગે નહિ, એટલે મનની સ્થિતિસ્થાપકતા (શાંતિ–સમાધિ) લગાર માત્ર પણ બદલાય નહિ, મનરૂપી પારો વેરાઇ જાય નહિ પણ સ્થિર થોભ થઇ રહે તોજ કલ્યાણ સિદ્ધિ **થાય** એટલે આત્માનો નિસ્તાર થાય અને ભવ ભ્રમણ સઘળું મટી જાય. ૩.

કોઇપણ પુદ્ગળિક (જડ) વસ્તુમાં રતિ–પ્રીતિ–આસક્તિ કરનારને કોઇ

---

૧ મન રૂપી પારો. ૨ કલ્યાણરસ. સુવર્ણ ઉત્પન્ન કરનાર રસ. ૩ અંગથી ઉત્પન્ન થયેલ. ૪ જુ વગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવુંજ વિઘ્નકારી કારણ મળતાંજ અરતિ-અપ્રીતિ ઉપજે છે, તેમાં લાગી રહેલી પ્રીતિ કેમે તૂટે નહિ તેની ચિંતા પેદા થાય છે, અને દૈવયોગે જો તે વસ્તુનોજ વિયોગ થાય, અથવા તેમાં લાગી રહેલી પ્રીતિમાં ભંગાણ પડે એવા સંયોગો ઉપસ્થિત થાય તો તત્કાળ અરતિ-અપ્રીતિ-ખેદ-અણગમો ઉત્પન્ન થાય છે. આવી રીતે વારંવાર રતિ-અરતિમાં આવી પડનારા પામર પ્રાણીઓને સ્વાભાવિક સુખનો સંગ ક્યાંથી હોય ? તેમના દુઃખનો અંત અવિવેકપણાથી આવી શકતો નથીજ. ૪

રતિ કે અરતિ-સુખ કે દુઃખ કોઇ જડ વસ્તુથીજ સંપજે છે એમ માનવું વાસ્તવિક સાચું નથી. પોતપોતાના મનની કલ્પના મુજબ જીવ કોઇપણ વસ્તુમાં રતિ કે અરતિ માની લે છે. જો એમ ન હોય તો પોતાના અંગના વીર્યથી ઉત્પન્ન થયેલો પુત્ર જેમ વ્હાલો લાગે છે તેમ પોતાનાજ અંગના પસીનાથી ઉત્પન્ન થયેલી જૂઓ કેમ વ્હાલી લાગતી નથી ? મનથી ઉત્પન્ન થયેલી એ ભ્રમણા તજી દેવી યોગ્ય છે. કેમકે એ રતિ અને અરતિ કેવળ મન કલ્પિતજ છે. વસ્તુનો વાસ્તવિક પર્યાય નથી. જો એમ ન હોય તો અમુક વસ્તુમાં પ્રથમ ઉત્પન્ન થતી રતિ અને અરતિ તે વસ્તુને વેચી દીધા પછી કેમ મટી જાય છે? માટે મને માની લીધેલ મમતા જૂઠીજ છે. ૫-૬.

જે જ્ઞાની પુરૂષો રતિ અરતિ તજીને સુખ દુઃખને સમાન લેખી સમભાવ રાખે છે તેઓ અજ્ઞાન-પામર પ્રાણીઓની ઉપર સહેજે તરી આવે છે. એટલે તેમનો જગમાં યશવાદ ગવાય છે અને બીજા આત્માર્થી જનોને પણ દૃષ્ટાંતરૂપ થાયછે. મતલબ કે સમભાવમાંજ સાચું સ્વાભાવિક સુખ રહેલું હોવાથી જે મહાશયો, હર્ષ શોક તજી દરેક પ્રાપ્ત સંયોગમાં સુખ દુઃખ નહિ લેખતાં સમચિત્ત રહે છે તેમનેજ પરમાર્થથી સાચું સુખ અનુભવતા દેખી સાચા-સ્વાભાવિક સુખના અર્થી અન્ય જનો પણ તેમનું અનુકરણ કરી આ દુનીયાના દુઃખદાયી દ્વંદ્વથી નિરાળાં રહેતાં શિખે છે, અને પરિણામે તે ભાગ્યવંત જનો તેવાજ સાચા-સ્વાભાવિક-નિરૂપાધિક સુખનો સાક્ષાત્ અનુભવ કરી શકે છે. એવું નિર્દ્વંદ્વ-નિરૂપાધિક સુખ પ્રાપ્ત કરવાની સદ્ ઇચ્છા સહુ કોઇને પ્રગટો ! ઉત્તમ પ્રકારની મૈત્રી, મુદિતા, કરૂણા અને માધ્યસ્થ્ય ભાવનાના સમાશ્રયથી આત્માનું સહજ સ્વાભાવિક સુખ અવશ્ય પ્રાપ્ત થઇ શકે છે. તથાસ્તુ ! ૭. સુ. ક. વિ.

**વિવેચન**—આ સઝાયની પ્રથમ ગાથામાં કર્ત્તાએ, સુખમાં આનંદ માનવારૂપ **રતિ** અને દુઃખમાં શોક કરવારૂપ **અરતિ** એ બે પાપસ્થાનકોને જૂદાં કેમ ન કહ્યા ? ભેળાં શા માટે રાખ્યા ? તેનો ખુલાસો અનુભવથી લક્ષમાં આવે એ રીતે કર્યો છે. કર્ત્તા કહે છે કે-આ દુનીઆમાં પ્રાણીને રતિ ને અરતિ જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્પન્ન થાય છે તે પુદ્ગળિક વસ્તુઓના સંયોગ વિયોગથી અથવા માનસિક કલ્પનાઓથી થાય છે. કોઇ પણ વસ્તુનો સંયોગ નિરંતર ટકતોજ નથી. જેનો સંયોગ તેનો વિયોગ અવશ્ય થાયજ છે. જે કારણ પ્રાપ્ત થયે માનસિક આનંદ થયો હોય છે, તે કારણ વિનષ્ટ થયે માનસિક નિરાનંદ ( શોક ) અવશ્ય થાયજ છે. અને કોઈપણ કારણ પલટાયા શિવાય એક સરખું કાયમ રહેતુંજ નથી. જ્યાં રતિ, ત્યાં અમુક સમય પછી અરતિ; અને જ્યાં અરતિ, ત્યાં અમુક કાળ પછી રતિ; અવશ્ય થાયજ છે. તેથી તે બંનેનો નિર્ણિત સંયોગ હોવાને લીધે જ્ઞાની મહારાજે આ પાપસ્થાનકને એક–ભેગુંજ કહ્યું છે.

આ પાપસ્થાનકમાં બે ભાવ ભેગા કહ્યા છે તે જ્ઞાની મહારાજનું અત્યંત દુરંદેશીપણું બતાવે છે. તેમજ સંસારી જીવોએ તે ઉપરથી ઘણો ધડો લેવા લાયક છે. કોઇપણ સુખકારક સ્થિતિમાં આનંદ માની આસક્ત થતાં એ વાત લક્ષમાં રાખવાનીજ છે કે આ સ્થિતિ કાયમ રહેવાની નથી. થોડે કે ઘણે વખતે અવશ્ય કારણો પલટાવાને લીધે આ સ્થિતિમાં ફેરફાર થશેજ; માટે આ સ્થિતિને ભવપર્યંત એક સરખી કાયમ સ્થિર રહેનારી માની તેમાં લીન થઈ જવું નહીં. તેજ પ્રમાણે કોઇ પ્રકારની દુઃખકારી સ્થિતિ પ્રાપ્ત થયે તેવી સ્થિતિ કાયમ નહીંજ રહે, કલ્પનામાં પણ ન આવે તેવા કારણો ઉદ્ભવીને એ સ્થિતિ પલટાઈ જશે અથવા તેમાં ઓછાવત્તાપણું થશેજ માટે તેવે પ્રસંગે દુઃખમાં પણ નિમગ્ન થઇ જવું નહીં. આવા બળવાન હેતુથી આ જીવને સુખ દુઃખની વિનાશી સ્થિતિનું ચોકસ ભાન રહે તેટલા માટે આ પાપસ્થાનકમાં બે ભાવનો ભેળો સમાવેશ કરેલો છે. તેથી ઉત્તમ જીવોએ તેને બરાબર લક્ષમાં રાખીને સુખ અથવા દુઃખને ઉત્પન્ન કરે તેવા પ્રસંગમાં સમભાવથી વર્તવું કે જેથી તેનો ફેરફાર થાય ત્યારે અતિ સંતાપ કે અતિ હર્ષ કરવાનો ભાવ પ્રાપ્ત થાય નહીં.

મનુષ્યનું મન પક્ષી જેવું છે, તે મનરૂપ પક્ષી અરતિ ને રતિરૂપી બે પાંખો વડે નિરંતર ઉડ્યાજ કરે છે, તિર્યંચ પક્ષી તો ઘડી બે ઘડી અથવા રાત્રીએ વિસામો પણ લેય છે અને આ મનરૂપી પક્ષી તો રાત્રે કે દિવસે ઘડીભર પણ વિસામો લેતું નથી. નિદ્રામાં પણ તે તો ઉડાઉડ–દોડાદોડ કર્યા કરે છે. તેને રોકી રાખવા માટે કાષ્ટાદિકના પાંજરા કામ લાગે તેમ નથી. તેને ઉડતું રોકવુંજ હોય, સ્થિર રાખવાની આવશ્યકતા જણાતી હોય તો શુદ્ધ સમાધિરૂપ પાંજરામાં પૂરો તો તે ત્યાં સ્થિર રહેશે. આ પિંજર બનાવવું સહેલું નથી. શુદ્ધ સમાધિની પ્રાપ્તિ કરવા માટે પ્રથમ સ્વપરની ઓળખાણ તેમજ બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્માનું સ્વરૂપ અને સમાધિ સુખનું ઉત્કૃષ્ટપણું સમજવાની–વિચારવાની–હૃદયમાં સ્થાપી રાખવાની આવશ્યકતા છે. તેમ થયા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ્ધ સમાધિ પ્રાપ્ત થશે અને પછી તેમાં રોકેલું મનરૂપી પક્ષી અરતિ કે રતિને ઉત્પન્ન કરે તેવા પ્રસંગો પ્રાપ્ત થતાં પણ ઉડશે નહીં-ઉડી શકશે નહીં. સુખમાં આનંદ કે દુઃખમાં શોક ન માનતાં-તેમાં લીન થયા શિવાય સમભાવમાં વર્તશે કે જેથી અશુભ કર્મબંધ અલ્પ થશે અને શુભ વિશેષ થશે.

મનરૂપી પારો અરતિ ને રતિરૂપી અગ્નિના સંયોગને પામીને જો ઉડે નહીં તો કલ્યાણની સિદ્ધિ થાય અને ભાવઠ ભાંગી જાય. આ ગાથામાં દૃષ્ટાંત દાર્ષ્ટાંત બંને બતાવેલા છે. તે આવી રીતે-અગ્નિનો સંયોગ થયા છતાં અમુક યુક્તિ અને ઔષધિઓનો પ્રયોગ કરવાથી પારો જ્યારે ન ઉડે ત્યારે તે પારો સિદ્ધ થયો ગણાય અને તેનાથી સુવર્ણસિદ્ધિ થાય. આ વૈદિક તેમજ ધાતુર્વાદિક પ્રયોગ છે. એવી રીતે ઘણા મનુષ્યો નિરોગી થવા માટે તેમજ દ્રવ્ય મેળવવા માટે તેની સાધના કરે છે. શાસ્ત્રકાર તો એ પ્રાપ્તિને કાંઈ લેખામાંજ ગણતા નથી. તેથી તે કહે છે કે-જો મનરૂપી પારો અરતિ ને રતિરૂપ અગ્નિના સંયોગથી એટલે સુખ દુઃખના અનેક કારણો પ્રાપ્ત થયા છતાં ઉડે નહીં અર્થાત્ આહટ્ટ દોહટ્ટ ન કરે-સમભાવમાં વર્તે તો કલ્યાણની અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરવારૂપ કાર્યની સિદ્ધિ થાય એટલે સંસારની ભાવઠ માત્ર ભાંગી જાય-સંસારમાં પરિભ્રમણ કરવું મટી જાય. અહીં કલ્યાણ શબ્દમાં શ્લેષ છે. કલ્યાણ શબ્દે સુવર્ણની સિદ્ધિ થવાથી જેમ સાંસારિક ભાવઠ-દારિદ્રતા નાશ પામે તેમ કલ્યાણ શબ્દે મોક્ષની સિદ્ધિ થવાથી સંસારનું પરિભ્રમણ નાશ પામે એટલે દ્રવ્ય ને ભાવ બંને પ્રકારની ભાવઠ નાશ પામે એમ સમજવું.

અરતિના કારણ ઉત્પન્ન થયે અરતિ કરે તે તો ઠીક પણ રતિના કારણ પ્રાપ્ત થયે છતે પણ 'તે નાશ ન પામી જાય' એવા ભયથી-ચિંતાથી નિરંતર અરતિ કર્યા કરે-સુખનો પણ અનુભવ ન કરે એવા પ્રાણીને તો કર્ત્તા કહે છે કે-વિવેકજ આવે નહીં અને તેના દુઃખનો છેડો પણ આવે નહીં. કારણકે 'દુઃખમાં તેનો વિનાશ કેમ થાય તે ચિંતા અને સુખમાં તે નાશ પામી જવાની ચિંતા' ત્યારે સુખ કઇ વખતે મળે ને દુઃખનો ક્યારે છેડો આવે? નજ આવે. માટે સુજ્ઞ પ્રાણીઓએ એવી અરતિ કરવી યુક્ત નથી.

રતિ ને અરતિ વસ્તુ વસ્તુ પરત્વે પૃથક્ પૃથક્ ઉત્પન્ન થાય છે. તેનું ઉત્પત્તિ સ્થાન મન છે. જુઓ પોતાના અંગથી એટલે વીર્યથી ઉત્પન્ન થયેલો પુત્ર વહાલો લાગે છે અને પોતાના પ્રસ્વેદાદિકથી ઉત્પન્ન થયેલ જુ વિગેરે વહાલા લાગતા નથી. જો શરીરથી ઉત્પન્ન થયેલ સૌ વહાલા લાગતા હોય તો એમ બનેજ નહીં પરંતુ પ્રીતિ કે અપ્રીતિ થાય છે તે વસ્તુ વસ્તુ પરત્વે થાય છે. પાંચ પુત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે તો તે પાંચે ઉપર પણ સમાન પ્રીતિભાવ હોતો નથી. જે કમાઉ હોય તે વધારે વહાલો લાગે છે. ઘરમાં સૌ તેને વધારે સન્માન આપે છે. સારાંશ—એ બધા મનના ફેરફાર છે. તેટલા માટેજ ત્યારપછીની ગાથામાં કર્ત્તા કહે છે કે–રતિ અને અરતિ બંને મન કલ્પિત છે, તે કોઇ સત્ય પર્યાય એટલે વસ્તુગત ભાવ નથી. કેમકે એક વખત જેના પર પ્રીતિ હોય છે તેની ઉપરજ કોઇ પણ પ્રકારનો ફેરફાર થયે–અથવા ફેરફાર થયા વિના પણ અપ્રીતિ થાય છે. જુઓ એક વસ્તુ–મકાન–ઘરેણું વિગેરે પોતાને અત્યંત વહાલું હોય તેજ વેચી નાખ્યાં પછી તેનું ગમે તે થાય–ગમે તે પ્રકારે વિનાશ પામે તો પણ મનમાં કાંઇ પણ અરતિ થતી નથી. તેનું કારણ માત્ર એજ છે કે પ્રથમ તેના પર મનથી માલેકી માની હતી તે માન્યતા હવે પલટાઇ ગઇ છે. સારાંશ એ છે કે રતિ ને અરતિ મન કલ્પિતજ છે તેથી તેને આધીન થવું–તેમાં લીન થવું સજ્જનોને યોગ્ય નથી.

જે રતિ અરતિને ગણે નહીં અર્થાત્ રતિના કારણથી આનંદ અને અરતિના કારણથી શોક કરે નહીં, સુખ દુઃખમાં–સુખ દુઃખ ઉત્પન્ન કરે તેવા પ્રસંગમાં સમાન ભાવ રાખે–મનને ડામાડોળ થવા ન દે, તે પ્રાણી સુખ સંપત્તિ, યશ કીર્ત્તિ અને આત્મોન્નતિને પ્રાપ્ત કરે અને જગતમાં પણ તેનું માન વધે. અર્થાત્ તે યોગ્યતાવાન્ મનુષ્ય ગણાય. આ ગાથામાં કર્ત્તાએ પોતાનું નામ સૂચવ્યું છે અને તેમાં આખી સઝાયનું રહસ્ય સમાવ્યું છે. **સુખ દુઃખમાં સમાન રહેવું** એ વાક્ય ટુંકું છે પરંતુ ઘણું મુશ્કેલીવાળું છે. એવી વૃત્તિ રહેવી ઘણી મુશ્કેલ છે. પણ જો આત્મોન્નતિ કરવીજ હોય અને આ પાપસ્થાનકથી અલગ રહેવું હોય તો તેનો અમોઘ ઉપાય એજ છે. મનને કાબુમાં રાખવાનો અભ્યાસ કરનાર માણસજ પરિણામે સુખ દુઃખમાં સમાન વૃત્તિ રાખી શકે છે. તેમાં પ્રથમ મન નચાવે તેમ ન નાચતાં પોતે કહે તેમ મન નાચે તેવી સ્થિતિ મેળવવાની આવશ્યક્તા છે. સુખ આવે ત્યારે આનંદમાં લીન થનારા અને પાછું તે સુખ નાશ પામે ત્યારે અથવા અન્ય કોઈ પ્રકારનું દુઃખ આવી પડે ત્યારે માથે હાથ મુકીને શોક કરનારા મનુષ્યોને આ સઝાયનું રહસ્ય ખાસ ધ્યાનમાં લેવા યોગ્ય છે. આ વિષયમાં જેટલો વિસ્તાર કરીએ તેટલો થઇ શકે તેવું છે પરંતુ આટલું રહસ્ય ધ્યાનમાં લેવાશે તો પણ ઘણું છે એમ માની વિવેચન સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ડો. હર્મન જેકોબીનું હિંદુસ્તાનમાં આગમન.

જર્મનીના જાણીતા મહાન્ સ્કોલર, જૈન ફીલોસોફીના ખાસ અભ્યાસી. જૈન ધર્મની પ્રાચીનતા પ્રસિદ્ધ કરનારા વિદ્વાન્ ડોકટર **હર્મન જેકોબી** તા. ૫ ડીસેમ્બર ૧૯૧૩ ને દિવસે કલકત્તા યુનિવર્સીટીમાં અલંકાર શાસ્ત્ર ઉપર લેકચરો આપવા માટે અત્રે આવેલા છે. તેમણે જૈન ધર્મનો ખાસ અભ્યાસ કરેલો છે, અને જૈન ધર્મના અભ્યાસી તરીકે તેઓએ સારી રીતે નામના મેળવી છે. તેમણે જૈન સૂત્રોનાં ઇંગ્લીશમાં ભાષાંતર કરેલા છે. કલ્પસૂત્ર, આચારાંગ, સુયગડાંગ વિગેરેના ભાષાંતરો ઇંગ્લીશ ભાષામાં તેમણે બહાર પાડેલા છે, વળી **કલ્પસૂત્ર** ના ભાષાંતરની પ્રસ્તાવનામાં જૈનધર્મની પ્રાચીનતા માટે તેમણે સાબીત કર્યું છે કે "જૈન ધર્મ, બુદ્ધ ધર્મની શાખા નથી, એક જૂદોજ પ્રાચીન મતછે." વળી **ઉપમિતિ પ્રપંચા કથા** કલકત્તાની રોયલ એશિઆટીક સોસાઇટી તરફથી બહાર પાડવામાં તેમનીજ મહેનત છે. વળી અમારી સભા તરફથી છપાતું 'પઉમચરિયમ્' પણ તેમણે જ તૈયાર કરી આપેલ છે. આવા અભ્યાસી જૈન વિદ્વાનને દરેક સ્થળેથી પૂરતી સહાય આપવાની જરૂર છે. તેમનો અભ્યાસ વધારવા માટે જોઇતા સાધન પ્રાપ્ત કરાવવામાં તેમને સગવડ કરી આપવાની જરૂર છે. તેઓ કલકત્તાથી પાછા ફર્યા પછી થોડો વખત મુંબઇમાં રોકાશે, અને તે વખતે ઘણું કરીને જૈનોની પ્રાચીન જગ્યાઓ તથા ભંડારો પણ જોવા જશે. તો તેવે વખતે દરેક જૈન બંધુએ જે જાતની સહાય તેમને જોઇતી હોય, તે સહાય આપવાનું અને જે ગ્રંથોની તેમને જરૂરીઆત હોય તેવા ગ્રંથો પૂરા પાડવાનું અવશ્ય ધ્યાનમાં રાખવું.

તેમને માટે લખતાં સુપ્રસિદ્ધ પેપર **ટાઇમ્સ ઓફ ઇંડીયા** તા. ૧૨ ડીસેમ્બર. ૧૯૧૩ શુક્રવારના અંકમાં નીચે પ્રમાણે વિચારો દર્શાવે છે:—

## SCHOLARLY VISITOR.

The present in our midst of Dr. Hermann Jacobi of Bonn University, the well-known Orientalist and scholar of Jainism, ought to stir the Jain community of Bombay in much the same way as the visits to our city of Prof. Williams Jackson, the distinguished American authority on Zoroastrianism, in former years stirred the Parsis and we are glad to find that the Jain Association is moving in the matter of giving full benefit to the community of the German savant's visit by organising lectures and by other means. Dr. Jacobi, as he said at the recep-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



tion given in his honour the other day, is not entirely a stranger to India as at the beginning of his career just forty years ago he came on a literary tour to this country and accompanied the famous Sanskritist Dr. Buhler, who was then in the Bombay Educational Service, to Jessalmir and other centres of Jain learning. Since then he has deeply studied Jain literature and religion and been mainly instrumental in obtaining recognition in Europe and America for Jainism as an ancient and important religious system quite independent of Buddhism, whose mere offshoot it was long and erroneously supposed to be. His researches in this religion have really marked an epoch in Oriental scholarship and his translation of some of its chief books in Max Muller's Sacred Books of the East series, has opened quite a new field of inquiry for students of comparative religion. This English translation was the first in any Western language and naturally was a work of great difficulty, The Indian Jains whilst fully appreciating the merits of these pioneer labours, had, we believe, some reason to be dissatisfied with parts of this translation from which many of their own indigenous scholars or pandits differ. The latter have now an excellent opportunity of laying their views personally before the learned savant who too should be glad to interchange views with these useful repositories of traditional learning.

The main object of Dr. Jacobi's visit is to deliver a course of lectures on Indian Rhetoric before the University of Calcutta which has specially invited him for tho purpose. and he is proceeding there after a short stay in Bombay But he intends to make a longer stay in Bombay when he returns from Bengal after a few weeks and arrangement can then be made for private discussion with the Jain pandits as well as popular lectures on the results of his studies. The Jain *bhandars* or mediæval libraries of their literature, hitherto interned and very jealously guarded from the eye of foreigners, have special attractions for scholars like Dr. Jacobi and as the Jains have advanced and grown more enlightened of recent years they may be

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

expected to throw their literary treasures, especially those at Bikanir and Pattan, open to him. In this case the Professor might be able to throw some further light, with the help of hitherto unknown material, on Hemachandra and the other great sages of Jainism. Such visits of European savants to this country. which happily are becoming more frequent every year, may prove of mutual benefit, if the other Indian communities follow the example of the Parsis who willingly and frankly showed Professor Jackson everything they thought likely to interest him and to be of use for his further studies. The enlightened Jain community will doubtless do the same to their distinguished visitor and thereby advance the knowledge of their religion among themselves as well as the rest of the world.

## ( ઉપરના ઇંગ્લીશનું ભાષાંતર )

## એક વિદ્યાર્થી અતિથિ.

"જેવી રીતે અમેરીકાવાસી પ્રો. વીલીયમ્સ જેકસનના ઘણા વખત પહેલાં અત્રે થયેલા આગમનથી પારસી લોકોમાં ઉશ્કેરણી થઇ હતી, તેવીજ રીતે બૉન યુનીવર્સિટીના **જૈનીઝમ્**ના પ્રખ્યાત સ્કોલર ડો૦ હર્મન જેકોબીના અત્રે આપણી વચ્ચે થયેલા આગમનથી જૈન કોમમાં ઉશ્કેરણી થયેલી હોવીજ જોઇએ, અને અમે ખુશી થયા છીએ કે **જૈન એસોશીએશન** આ જર્મન પંડિત પાસેથી ભાષણો અને અન્ય ઉપાયોદ્વારા જૈન કોમને લાભ અપાવવા માટે પ્રયત્ન કરી રહી છે. આગલે દિવસે ( જૈન ગ્રેજ્યુએટ્સ એસોશીએશન તરફથી ) તેને અપાયેલ માનના મેળાવડામાં જેમ ડો૦ જેકોબીએ કહ્યું તેમ, તે હિંદુસ્તાનમાં પ્રથમ વારજ આવેલ નથી, પણ પોતાની કારકીર્દીની શરૂઆતમાં ચાળીશ વરસ અગાઉ તે આ દેશમાં તેવીજ મુસાફરીએ ભાષણો આપવા આવેલ હતા અને તે વખતે મુંબઇ કેળવણી ખાતામાં નોકરી કરતા પ્રખ્યાત ડો૦ બુલર સાથે જેસલમીર અને બીજા જૈન ભંડારોની તેમણે મુલાકાત લીધી હતી. ત્યારપછી તેમણે જૈન સાહિત્ય અને જૈન ધર્મનો ઉંડો અભ્યાસ કર્યો છે, અને યુરોપ તથા અમેરીકામાં **બુદ્ધીઝમ્થી** તદ્દન જુદોજ, બહુ પ્રાચીન અને અગત્યનો **જૈનમત** છે તેમ સાબીત કરવામાં તેઓ બહુજ સાધનભૂત થયા છે. જૈન ધર્મ બુદ્ધ ધર્મની શાખારૂપે તે દેશોમાં ભૂલથી ઘણા લાંબા વખત સુધી મનાયા કરતો હતો. આ ધર્મ માટેની તેની શોધખોળ પાશ્ચિમાત્ય સ્કોલરોમાં બહુજ પ્રખ્યાતિ પામેલી છે, અને પૂર્વના પવિત્ર પુસ્તકોની મેકસમુલરની સીરીઝમાં જૈનધર્મના કેટલાએક પુસ્તકોના ડો૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ડૉ. જેકોબીએ કરેલ ભાષાંતરથી આપણા દેશના ધર્મના અભ્યાસી વિદ્યાર્થીઓ માટે એક નવું ક્ષેત્ર તેમણે ઉઘાડયું છે. પાશ્ચિમાત્ય ભાષામાં આ ઇંગ્લીશ ભાષાંતર પહેલુંજ હતું અને તેથી તે એક મુશ્કેલી ભરેલું કાર્ય હતું. આ અભ્યાસીઓની મહેનતને જૈનલોકો જેમ સંપૂર્ણ માન દૃષ્ટિથી જુએ છે, તેવીજ રીતે અમારી માન્યતા પ્રમાણે આ ભાષાંતરના કેટલાક ભાગથી જૈનધર્મના અત્રેના અભ્યાસી અગર પંડિતો જુદા પડતા હોવાથી તેમના દિલને નાસીપાસી પણ ઉપજી હતી. જૈન ધર્મના અત્રેના અભ્યાસી અને પંડિતોને તેમના પોતાના અભિપ્રાયો આ વિદ્વાન્ સ્કોલર પાસે મુકવાની અત્યારે તક મળી છે, અને તે વિદ્વાન્ સ્કોલર પણ તેમની પાસેથી તેમના અભિપ્રાય જાણવા બહુજ આતુર હશે,

ડૉ. જેકોબીના આગમનનું મુખ્ય કારણ કલકત્તા યુનીવર્સિટીમાં હિંદુસ્તાનના અલંકાર શાસ્ત્ર ઉપર એક ભાષણ શ્રેણી આપવા માટેનું છે, જે માટે તેમને ખાસ આમંત્રણ થયેલું છે, અને મુંબઈમાં થોડો વખત રહ્યા પછી તેઓ કલકત્તે તે કામ માટે જવાના છે. થોડા અઠવાડીયા પછી તેઓ બંગાળામાંથી અત્રે પાછા ફરનાર છે; અને તે વખતે મુંબઇમાં લાંબો વખત રહેવાની તેમની ઇચ્છા છે, તે વખતે તેના અભ્યાસના પરિણામ ઉપર જૈન પંડિતો અને વક્તાઓ સાથે ખાનગી વાતચિત અને ચર્ચા કરવાનો પ્રસંગ તેમને મળી શકે તેવી ગોઠવણ કરવાની જરૂર છે. જૈનોના ભંડારો અને તેઓના સાહિત્યના વચલા વખતની લાઇબ્રેરીઓ, જે હજુ સુધી બંધ રાખવામાં આવી છે, અને પાશ્ચિમાત્ય સ્કોલરથી જેને દૂર રાખવામાં આવી છે, તે ડૉ૰ જેકોબી જેવા સ્કોલરોના ખાસ ખેંચાણનું કારણ છે. હવે જૈનો આ જમાનામાં કળા કૌશલ્યમાં વૃદ્ધિ પામ્યા છે અને વધારે વિશાળ દૃષ્ટિવાળા થયા છે, તેથી તેઓના સાહિત્યના ખજાના–ખાસ કરીને બીકાનેર, પાટણના તેમના ભંડારો આ વિદ્વાન ડોકટર પાસે જરૂર ઉઘાડા મુકશે એવી અમને આશા છે. આમ થવાથી આ પ્રોફેસર આવા ભંડારોની સહાયથી હેમચંદ્ર અને બીજા જૈનધર્મના મહાન્ ગુરૂઓ માટે હજુ સુધી નહિ જણાએલ તેવો પ્રકાશ બહાર પાડવા સમર્થ થશે. આ દેશમાં આવા યુરોપિયન સ્કોલરની આવી મુલાકાત જે હવે અવારનવાર વધતી જાય છે તે જો હિંદુસ્તાનની પ્રજા, પારસી કોમે જેમ પ્રો. જેકસનને ખપમાં આવે તેવી દરેક બાબત ખુશીથી અને આતુરતાથી દેખાડી હતી તેની માફક આ સ્કોલરોને ઉપયોગી બાબતો દેખાડશે તો બહુ ઉપયોગી નીવડવા સંભવ છે. આગળ વધેલી જૈન પ્રજા તેમના પ્રખ્યાત અતિથિને ખરેખર આ પ્રમાણે દરેક સહાય આપશે અને તેમ કરીને તેઓના ધર્મનું જ્ઞાન તેઓ પોતામાં તેમજ આખી દુનિયામાં ફેલાવવા સમર્થ થઇ શકશે. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# शेठ भगुभाइ प्रेमचंदने त्यां उजमणानो महोत्सव.

**શેઠ ભગુભાઇનું** નામ અમદાવાદ શહેરમાં ધર્મિષ્ટ પુરૂષ તરીકે અત્યારે પણ પંકાયેલું છે. તેમના બે સુપુત્રો પૈકી **શેઠ મનસુખભાઇ** ગયા વર્ષમાં એકાએક સ્વર્ગવાસી થયા છે. તેમની ધારણા એક ઉજમણું ઘણા ઉંચા પાયા ઉપર કરવાની બે ચાર વર્ષો થયાં હતી. તેને માટે તેમણે પોતાને ઘરે ખાસ કશબ વણાવી તેના લપેટા અને કીનખાપો બનાવરાવ્યા હતા અને તેના છોડ પણ શીવડાવ્યા હતા. તે સાથે તેને અંગે કેટલીક વસ્તુઓ પણ એકઠી કરી હતી. દૈવયોગે તેઓ અકસ્માત પંચત્વ પામ્યા એટલે તેમની મનની ધારણા મનમાં રહી. જો કે તેઓએ ભાવથી તો ઉજમણું કર્યુંજ હતું.

વડીલ બંધુના વિચારને માન આપવા માટે તેમના લઘુ બંધુ **જમનાભાઇ શેઠે** કાળની અકળ ગતિનો વિચાર કરીને **શુભ કાર્ય કરવું હોય તે વગર વિલંબે કરવું** એ સૂત્રને માન આપી ઉજમણું કરવાનો વિચાર દૃઢ કર્યો અને તેને અંગે સામગ્રી એકઠી કરવા માંડી, મંડપની તૈયારી કરી અને ગયા કાર્ત્તિક વદિ ૧૧ નું શુભ મુહૂર્ત્ત લઈ તે દિવસે તૈયાર કરેલા સુશોભિત મંડપમાં મધ્યે પધરાવેલા સમવસરણની અંદર ચતુર્મુખ બિંબ પધરાવ્યા અને તેની ફરતા સુશોભિત ૫૧ છોડ તેને લગતા તમામ સરસામાન સાથે બાંધી તેની સાથે મુકેલા ૫૧ મોટા જર્મનથી મઢેલા સિંહાસનોમાં પણ પ્રભુ પધરાવ્યા. આ મંડપ લંબાઇ પહોળાઈમાં બહુ વિસ્તિર્ણ અને પાકો બાંધવામાં આવ્યો હતો. રોશની માટે સુમારે ૫૦ ઝુમરો અંદર ટાંગી દેવામાં આવ્યા હતા અને આખા મંડપમાં સુમારે એક હજાર દીવા તદન ઘીનાજ કરવામાં આવતા હતા. મુખ ભાગની લાઇટ અને બહારની પુષ્કળ લાઇટ વીજળીની કરવામાં આવતી હતી.

દરેક છોડની અંદર ૬૧-૬૧ વસ્તુઓ મુકવામાં આવી હતી. મોટી કિંમતવાળી ચિજો પણ દરેક છોડમાં દૃષ્ટિગોચર થતી હતી. મોટા ઓરશીઆ, ઓઘા, મોરપીંછના ડંડાસણ, ઉનના ડંડાસણ, પાત્રાની જોડ, લોટ, તર્પણીઓ વિગેરે દરેક છોડમાં મુકેલા હતા. મધ્યનો એક છોડ ઝીકચળકનો ભરેલો સુમારે બેહજારની કિંમતનો હતો. તેની અંદર મધુબિંદુનું દૃષ્ટાંત આળેખવામાં આવ્યું હતું. તે છોડની બે બાજુ ૧૧ છોડ લપેટાના હતા અને બીજા છોડ ચડતા ઉતરતા કીનખાપના હતા. **જ્ઞાનપંચમી** નામની હાલમાં એ શેઠની તરફથીજ અને છપા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વેદી બુકમાં ઉજમણાની અંદર મુકવાની ચીજોનું લીસ્ટ આપવમાં આવ્યું છે તે પ્રમાણેની ઘણી વસ્તુઓ એકત્ર કરીને મુકવામાં આવી હતી.

આ મહોત્સવની સાથે શેઠ મનસુખભાઇના **ચી. માણેકલાલ**ના લગ્ન કરવામાં આવ્યા છે. પરંતુ મુખ્યતા ધાર્મિક પ્રસંગની જ રાખવામાં આવી હતી. અષ્ટાન્હિકા મહોત્સવ બહુ સારી રીતે કરવામાં આવ્યો હતો. જળયાત્રાનો વરઘોડો બહુ શ્રેષ્ટ ચડાવવામાં આવ્યો હતો. ગાયકવાડ સરકાર તરફથી હાથી અંબાડી સાથે આવેલો હતો અને નગારૂં નીશાન વિગેરે કાર્ય માટે ઘોડાઓ બીજા રાજ્ય તરફથી આવેલા હતા. વરઘોડાની શોભા એવી અપૂર્વ હતી કે જે જોઇને આખું શહેર પ્રશંસા કરતું હતું. વરઘોડાની અંદર તે શેઠજીનીજ સ્કુલના તમામ વિદ્યાર્થીઓ ધ્વજાની સાથે ચાલતા હતા. તેમ કન્યાશાળાની કન્યાઓ સુશોભિત વસ્ત્ર પહેરીને ગાન કરી રહી હતી. દરેક વિદ્યાર્થીને એક એક ટોપી ઝીકની ભરેલી બક્ષીશ કરવામાં આવી હતી. વરઘોડો શહેરની બહાર હઠીભાઈની વાડીએ ગયો હતો અને ત્યાં જળ લેવાની વિધિ કરવામાં આવી હતી. બીજે દિવસે કુંભ સ્થાપના કરવામાં આવી હતી. માગશર શુદ ૫ મે ગૃહદિગ્પાળનું પૂજન કરવામાં આવ્યું હતું. અને શુદ ૬ ઠે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. તેજ દિવસે નવકારશીનું સ્વામીવચ્છળ પણ હતું. જેનો લાભ બહાર ગામથી આવેલા સંખ્યાબંધ જૈન બંધુઓએ લીધો હતો. સ્નાત્રની અંદર ફળનૈવેદાદિ પદાર્થો બહુ ઉત્તમ ધરવામાં આવ્યા હતા. સ્નાત્ર ભણાતી વખતે **શ્રી વિજયનેમી સૂરિ** વિગેરે સાધુ સાધ્વીઓ મોટી સંખ્યામા પધાર્યા હતા. માણસોની ગીરદી એટલી હતી કે નવા માણસને દર્શન કરવા માટે પ્રવેશ કરવો પણ મુશ્કેલ થઈ પડ્યો હતો.

આ શુભ પ્રસંગ ઉપર મુંબઈ, સુરત, ભરૂચ, વડોદરા, કપડવંજ, નડીયાદ, વીરમગામ, ધ્રાંગધરા, માંડલ, બોટાદ, શીહોર અને ભાવનગર વિગેરે શહેરોથી ઘણા ગૃહસ્થો ખાસ આમંત્રણથી પધાર્યા હતા. તેમનો સત્કાર શેઠ જમનાભાઈ તરફથી બહુ સારી રીતે કરવામાં આવ્યો હતો. ઉતારા વિગેરેની ગોઠવણ યોગ્ય રીતે કરવામાં આવી હતી. આવેલા ગૃહસ્થો ધાર્મિક પ્રસંગને લઇને વધારે દિવસો રોકાયા હતા. લગ્ન પ્રસંગની તો તદ્દન ગૌણતાજ હતી.

આ તમામ કાર્ય એવું આનંદથી પસાર થયું છે અને **શેઠ જમનાભાઇ**એ તેની અંદર એવી ઉદારતા બતાવી આપી છે કે એવા સત્કાર્યની અંતઃકરણથી અનુમોદના કરવા યોગ્ય છે. એ હેતુનેજ લઇને આ શુભ પ્રસંગની અહીં ટુંકામાં નોંધ લેવામાં આવી છે.

For Private And Personal Use Only

# जिनागम प्रकाश संबंधी कार्यकर्त्ताओने सूचना.

## " भाषांतरोमां थती भूलो. "

### (द्रव्यानुयोगतर्कणा)

શ્રી રાયચંદ્ર ગ્રંથમાળામાં આજસુધી જે જે ગ્રંથો ભાષાંતરો સાથે બહાર પડ્યા છે. તેમાં દિગંબર આમ્નાયના જે જે ગ્રંથો છે તે તે ગ્રંથોના ભાષાંતર કેવા સાચા થયેલા છે તે હકીકત તે આમ્નાયના વિદ્વાનોએ જોવાની છે પરંતુ શ્વેતામ્બર આમ્નાયના તત્વાર્થ, સ્યાદ્વાદમંજરી, દ્રવ્યાનુયોગતર્કણા–એ ગ્રંથો હિંદી અનુવાદ સાથે બહાર પડ્યા છે તે તપાસતાં તેના અર્થમાં પારાવાર ભૂલો દ્રષ્ટિગોચર થાય છે. હાલમાં જ્યારે આગમો અર્થ સહિત બહાર પાડવાની તૈયારીઓ ચાલી રહી છે અને તેની પુષ્ટિને માટે "શ્રી જિનાગમ વિસ્તાર અને આગમ પ્રકાશનને અંગે કેટલાક વિચારો" એ નામનું પેમ્ફલેટ ૪૪ પૃષ્ઠ જેવડું બહાર પડ્યું છે ત્યારે આ બાબતમાં કેટલી સાવચેતી રાખવાની આવશ્યક્તા છે તે લક્ષ પર લાવવાને માટે દ્રવ્યાનુયોગતર્કણાના અનુવાદમાંથી માત્ર પ્રથમના ૭–૮ પૃષ્ઠમાંજ જેટલી ભૂલો કરવામાં આવી છે તે દિગ્‌દર્શન તરીકે અહીં બતાવવામાં આવે છે.

રાયચંદ્ર ગ્રંથમાળાનું કામ ઘણે ભાગે રા. રા. રેવાશંકર જગજીવનદાસ કરે છે. પરંતુ આગમ પ્રકાશક સભાના માનદ કાર્યભારી અને એ કાર્યમાં દ્રવ્યનો વ્યય કરનાર ગૃહસ્થ એ સર્વે એકજ પક્ષના અનુયાયી હોવાથી અને પ્રાયે આગમના ભાષાંતરોના કાર્યમાં પણ તે રાયચંદ્ર ગ્રંથમાળાના ગ્રંથોના ભાષાંતર કરનારા પંડિતોજ ઉપયોગમાં આવનારા હોવાથી આ બાબત તરતમાં હાથ ધરવી ઉચિત લાગી છે.

જે પંડિતોનો શ્વેતામ્બર શાસ્ત્રોમાં બીલકુલ અભ્યાસજ ન હોય એવા પંડિતોથી શ્વેતામ્બર શાસ્ત્રો–ગ્રંથો કે આગમો અને તેની ટીકાઓનું ભાષાંતર કરાવવાનું કામ લેવું એ કેટલું જોખમકારક છે તે ખાસ વિચારવાની જરૂર છે. 'બરાબર શુદ્ધ ન થાય માટે બેસી રહેવા કરતાં જેટલું શુદ્ધ થાય તેટલું કરવું–વળી બીજી વાર તેનો સુધારો થશે' એમ ધારવું એ ભાષાંતરોના કાર્ય પરત્વે કેટલું જોખમકારક છે તે પણ વિચારવાની જરૂર છે. ષડ્‌દર્શનસમુચ્ચયનું રા. રા. મણિભાઈ નભુભાઈએ પારાવાર ભૂલોવાળું ભાષાંતર કર્યું, તે પણ તેનું મહત્વ ઘટાડનાર થઈ પડ્યું, એમ માની તેવી પ્રતિનું કામ કરાવવા તત્પર થતું નથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

યોગ્ય છે કે કેમ? તે ગુરૂઓએ વિચારવાની જરૂર છે. એક વાર થયેલી ભૂલ 'જૈનાગમમાં આ પ્રમાણે કહેલું છે' એવું અસત્ય જાહેર કરશે, પછી તે કાળાંતરે કદિ બીજી આવૃત્તિ થતાં સુધરશે, તો પણ પ્રથમના વાંચનારા બીજી આવૃત્તિની નકલ ખરીદ કરશે, તે વાંચશે અને ભૂલ સુધારશે, એ કેટલા હવાઇ કીલ્લા બાંધવા જેવું છે તેનો વિચાર કરવાની જરૂર છે.

આગમો તો ગંભીરાર્થના ભરેલા છે તેની વાત તો દૂર રહો પરંતુ ગ્રંથો કે જે તેના કરતાં વધારે સરલ છે અને કેટલાક તો ખાસ સંસ્કૃત ભાષામાંજ રચેલા છે છતાં તેના ભાષાંતરોમાં પણ પારાવાર ભૂલો કરવામાં આવે તો પછી આગમોના અર્થમાં કઇ હકીકત ક્યાં જોડી દેવાશે અને અર્થનો અનર્થ કેવો થશે તે સંબંધમાં શું લખવું? આ હકીકત કાર્યકર્ત્તાઓએજ ધ્યાનમાં લેવાની છે.

ઉપર બતાવેલા પેંફ્લેટમાં એવી દલીલ કરી છે કે–'કેટલાક આગમનો ભરમ ઉઘાડો પડી જશે' એમ ધારી આ કાર્ય કરવામાં અસંમત થાય છે. આ વાત બીલકુલ ગળત છે. કારણકે આગમમાં એવી કોઇ અઘટિત વાત લખી નથી કે તેનો ભરમ ખુલી જવાથી નુકશાન થાય. અથવા એવી તદ્દન માલ વિનાની હકીકતથી ભરેલા જૈનાગમો નથી કે તેનો ભરમ ખુલવાથી તેનું મહત્ત્વ ઘટે. પરંતુ તેના ગંભીરાર્થને નહીં જાણનારા તેના સત્યાર્થનું ખરૂં સ્ફોટન નહીં કરી શકે તો પોતાના કરેલા અર્થોથી તે તેનું રહસ્ય ઘટાડનારા થઇ પડશે એવો સંભવ છે.

જૈનાગમમાં ઉત્સર્ગ અપવાદાદિ છ પ્રકારના સૂત્રો છે તે યથાસ્થાને નહીં જોડવાથી કેટલો અનર્થ થશે તે આવું કાર્ય હાથ ધરનારાએ ખાસ ધ્યાનમાં રાખવાનું છે. કારણકે વાંચનારને તો લાભ થાઓ કે નુકશાન થાઓ પરંતુ અર્થ વિપરિત કરનારને તો એકાંત નુકશાનજ છે.

'આગમ પ્રકાશિત કરવા કે નહીં? અને શ્રાવકોને તે વાંચવાની છુટ આપવી કે નહીં?' આ બે સવાલ સદરહુ પેંફ્લેટમાં બહુ વિસ્તારથી ચર્ચ્યા છે પરંતુ એમાં બતાવેલી દરેક દલીલનો જવાબ આપ્યા અગાઉ જેઓ આગમ પ્રકાશિત કરવાના દૃઢ વિચાર ઉપરજ આવેલા છે તેમને પુછવાનું એ છે કે–તમે આ કાર્ય કોની પાસે કરાવવા માગો છો તે શા માટે પ્રસિદ્ધિમાં મુકતા નથી? કે જેથી તમે યથાર્થ અર્થો કરાવી શકશો એવી લોકોને પ્રતીત આવે. તમે વારંવાર એમ જણાવો છો કે–'આગમના અભ્યાસીઓને બતાવવામાં આવશે.' તો જૈનાગમના અભ્યાસી કયા વિદ્વાન મુનિરાજ કે શ્રાવક એ કાર્ય સાદ્યંત અક્ષરશઃ તપાસી આપી પોતાની તરફથી ખાત્રીપત્ર આપનાર છે તે પ્રથમથી જણાવો કે જેથી તમારા કાર્ય પ્રત્યે સહાનુભુતિમાં વધારો થાય. બહાર પાડેલા મોટા પેંફ્લેટમાં એક પણ મુનિરાજની કે વિદ્વાન શ્રાવકની સંમતિ મળ્યાનું બતાવવામાં આવ્યું નથી. કોનીકફ, ફુલચંદલાલ, કેશવલાલ, મુંબઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાચારમાં લખનાર ( નામ નહીં બતાવનાર ) જૈનના લખવાથી જૈન સમુદાય તમારા તરફ દીલસોજી ધરાવે એ બનવું સંભવિત નથી. કારણકે એ વિદ્વાનો જૈનાગમને માટે વિદ્વત્તા ધરાવનારા છે એમ અદ્યાપિ જાહેરમાં આવેલ નથી. તો તમારા કાર્યની સાફલ્યતાને માટે તમારે જૈનાગમના અભ્યાસી જે કોઈ તમને મદદ કરવા તત્પર હોય તેમના નામ પ્રથમથી બહાર મૂકવાની આવશ્યકતા છે.

કદિ એવા નામ પ્રસિદ્ધ કરતાં એમ શંકા રહેતી હોય કે 'તેમના નામ પ્રથમથી પ્રસિદ્ધ કરવાથી તેમને અટકાવવાનો પ્રયત્ન થશે અને તેઓ અટકી જશે' તો એક ખાસ આવશ્યક્તાવાળા અને મહાન્ લાભવાળા કાર્યમાં તમને મદદ કરવા ઇચ્છનાર એટલી પણ દૃઢતાવાન્ નહીં હોય તો તે પછી તમારૂં કાર્ય સાંગોપાંગ પાર કેમ ઉતારી શકશે તે તમેજ વિચારશો. કેમકે તમારે કાંઇ એક ભગવતિ સૂત્ર બહાર પાડીને બેસી રહેવાનું નથી. (૪૫) આગમો કે જેની અંદર છેદ સૂત્રો પણ આવી જાયછે તે સુધાં બહાર પાડવાના છે. જે વાંચવાની મુનિઓમાં પણ અમુકનેજ આજ્ઞા છે અને અત્યારે વર્તમાન કાળમાં જે સૂત્રોને સમજનારા ગણ્યા ગાંઠ્યાજ મુનિરાજ છે તે છેદ સૂત્રો ભાષાંતર સાથે બહાર પાડવાનો વિચાર કેટલો બધો જોખમકારક છે તે તમારેજ વિચારવાનું છે.

આ આગમોના નામ અને તેના પૂર અભિધાન રાજેંદ્ર કોષને આધારે લખવામાં આવ્યા છે તેમાં પણ કેટલી ભૂલો છે તે આગમના અભ્યાસીઓને બતાવીને જાણી લેશો. 'દશ પઇન્ના (પ્રકીર્ણક) ની ગાથા વગેરે' એ મથાળા નીચે દશ પયન્નાના નામો અને ગાથાઓ લખી છે, તેમાં વગેરે શબ્દથી સૂચન થતી ટીકાઓ વગેરેની હકીકત તો બીલકુલ લખીજ નથી. વળી સૌની નીચે લખ્યું છે કે-'**દરેકમાં દશ અધ્યયન** છે.' આ વાત બરાબર છે? આગમના અભ્યાસીને પુછશો.

ટાઇટલની અંદરના ભાગમાં બીજા પૃષ્ઠમાં લખ્યું છે કે-શ્રીદાનશેખર ઉપાધ્યાયની લઘુવૃત્તિ ચૂર્ણિ જે મહાશયો પાસે હોય૦ ઇત્યાદિ. આમાં લઘુવૃત્તિ ચૂર્ણિ એટલે શું? તે બંને એકજ છે? ચૂર્ણિ કોણે રચી છે અને કેવડી છે? તે કોઇ પંચાંગીના અભ્યાસીને પુછ્યું છે? કામ કરતાં અગાઉ ખરી માહિતી મેળવવાની જરૂરછે.

આ સંબંધમાં વધારે વિસ્તારથી લખવાનો વિચાર મોકુફ રાખીને તરતમાં દ્રવ્યાનુયોગતર્કણાના અનુવાદમાં થયેલી ભૂલો બતાવવાના પ્રસ્તુત પ્રસંગ ઉપર આવવું ઉચિત લાગે છે.

(૧) પૃષ્ઠ ૨ જાની પંક્તિ ૪ થી-આરંભના ત્રીજા સંસ્કૃત શ્લોકનો અર્થ લખવામાં આવ્યો છે. તે શ્લોક આ પ્રમાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वन्दे वीरपरम्पराम्बियदहर्नाथं सनाथं श्रिया
गाम्भीर्यादिगुणावलीप्रविलसद्रत्नौघरत्नाकरम् ।
विद्यादेवपुरोहितप्रतिनिधिं श्रीमत्तपागच्छपं
प्रख्यातं विजयादयागणधरं द्रव्यानुयोगेश्वरम् ॥ ३ ॥

**અર્થ**—શ્રી મહાવીર સ્વામીસે આદિ લેકે સંપૂર્ણ તીર્થંકરોકી પંક્તિરૂપ આકાશકે સૂર્ય, શ્રી લક્ષ્મીસે સેવિત, તથા ગાંભીર્ય, દયાદાક્ષિણ્ય આદિ ગુણોંકી પંક્તિયોંસે અતિ શોભાયમાન રત્નોંકે સમૂહકે રત્નાકર તથા શાસ્ત્ર, દેવ ઔર પુરોહિતકે પ્રતિનિધિ ( સ્થાનાપન્ન ) શ્રી મત્તપાગચ્છકે નાયક શ્રી દયાવિજય નામ ગણધરજીકોં મેં નમસ્કાર કરતા હું.

આ અર્થમાં જુઓ કે દયાવિજય ગણધર ( આચાર્ય ) ને તીર્થંકરોની પંક્તિરૂપ આકાશના સૂર્ય બનાવ્યા છે. આ અર્થ બરોબર છે? ઘટિત છે? પરંપરા શબ્દનો અર્થ જે શાસ્ત્રી જાણતા નથી તે શાસ્ત્રી આ ગ્રંથનું ભાષાંતર કેવું કરે? તે વિચારશો. આગળ શાસ્ત્ર, દેવ ને પુરોહિતના પ્રતિનિધિ કહ્યા છે. પુરોહિત શબ્દે અહીં શું લેવું તે પણ જે સમજી શકે નહીં તે અર્થો કેવા કરે? તે વિચારો.

(૨) આગળ પૃષ્ઠ ૪ની પંક્તિ ૪થી માં ઇન્વેટેડ કામાથી જે અર્થ શરૂ કર્યો છે તે પૃષ્ઠ ૩ પંક્તિ ૨૬મી માં લખેલ ગાથાનો છે તે ગાથા આ પ્રમાણે છે.

चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कावावारा ।
चरणकरणस्स सारं, णिच्चयसुद्धं न याणंति ॥ १ ॥

**અર્થ**—ચરણાઽનુયોગ ઔર કરણાઽનુયોગકે જ્ઞાનસે સંપન્ન ભી જન અપને તથા અન્યકે શાસ્ત્રીય સિદ્ધાંત જ્ઞાનકે વ્યાપારસેં સર્વથા વર્જિત રહેતે હૈં. કયોંકિ વે ચરણાનુયોગ તથા કરણાનુયોગ કે સારભૂત નિશ્ચય શુદ્ધ દ્રવ્યાનુયોગકોં નહીં જાનતે. ” ॥ ૧ ॥

આ માગધી ગાથાનો અર્થ બરાબર છે? શ્વેતાંબર આમ્નાયમાં ચરણાનુયોગ ને કરણાનુયોગ એવા બે અનુયોગ કહેલા છે? જેને ચાર અનુયોગના પૂરા નામ પણ જાણવામાં નથી તે સાચો અર્થ શી રીતે કરી શકે? આવો અર્થ જ્યાં જ્યાં ચરણકરણાનુયોગ શબ્દ આવેલ છે ત્યાં ત્યાં કર્યો છે. આ તેમના માગધી ભાષાના અભ્યાસનો નમુનો છે.

(૩) પૃષ્ઠ ૫ ની પંક્તિ ૨ ના અંતથી જે અર્થ કર્યો છે તેનું મૂળ પૃષ્ઠ [illegible] પંક્તિ ૨૧-૨૨ માં આ પ્રમાણે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यदुक्तम् । षोडशके गुरुदोषारंभितया लब्धकरणम् ।
यत्नतो निपुणधीभिः सन्निदाश्च तथा ज्ञायते यन्नियोगेन ॥ ३ ॥

આ મૂળમાં 'ષોડશકે' શું છે? તે અર્થ કરનારા સમજ્યાજ નથી કે, ષોડશક એક ગ્રંથનું નામ છે તેથી તેને શ્લોકમાં ભેળવી દીધેલ છે. ને તે શબ્દનો અર્થ મૂકી દીધો છે. પછી અર્ધ શ્લોક **निपुणधिभिः** ત્યાં થાયછે છતાં **लब्धकरणम्** ત્યાં અર્ધની નીશાની કરી છે હવે તેનો અર્થ કેવો સુંદર કર્યો છે તે જુઓ.

**અર્થ**–ઈસ વિષયમેં ઐસા કહ.ભીહું–ઉપદેશક ગ્રંથોમેં યહ નિરૂપિત હૈંકિ દ્રવ્યાનુયોગકે જ્ઞાન વિના શુદ્ધ આહારાદિકે ગ્રહણમેં મહાન દોષોંકે આરંભ હોનેકી સંભાવના હૈ. ઈસ હેતુસે તથા જ્ઞાન રહિત હોનેસે સજ્જનોકી નિન્દાદિસે ચરણકરણાનુયોગ દ્રવ્યાનુયોગકી અપેક્ષાસે લઘુ હૈ. ઉસ લઘુ ચરણકરણાનુયોગકે દોષોંકો કુશળ બુદ્ધિ જન યત્નપુર્વક દ્રવ્યાનુયોગદ્વારા જાનતે હૈં. ॥૩॥

આ અર્થ વાંચીને વિચારોકે એ અર્થની ગંધ પણ મૂળ શ્લોકમાં છે? વળી આ અર્થ એવો વિચિત્ર છે કે જે કહેવાનો ભાવ શું છે તે પણ સમજી શકાતું નથી. વધારે ખાત્રીને માટે શ્રીહરિભદ્રસૂરિકૃત ષોડશક ગ્રંથમાંથી ઉપરોક્ત શ્લોકની ટીકા જોઈ લેવી.

(૪) પૃષ્ટ ૫ પંક્તિ ૯ મીમાં મૂળ શ્લોકમાં કહેલ છે કે—

इत्युक्तं पंचकल्पाख्ये भाष्ये यत्तद्गुरोः श्रुतम् ॥ ४ ॥

આનો અર્થ કર્યો છે કે–'યહ પંચકલ્પ નામ ગ્રંથમેં તથા ભાષ્યમેં કહા હૈ.' આ અર્થ કેટલું બધું ભાષાંતરકર્તાનું જૈન શાસ્ત્રોથી અજ્ઞાતપણું સૂચવે છે. જુઓ! આગળ તેની વ્યાખ્યામાંજ કહ્યું છે કે– **एवं पंचकल्पभाष्ये यदुक्तं तन्मया गुरोः सकाशात् श्रुतं.** જો ભાષાંતર કરતી વખત વ્યાખ્યા તરફ દૃષ્ટિ રાખી હોત તો પણ સમજી શકાત કે પંચકલ્પ નામે ગ્રંથ ને ભાષ્ય એ જૂદા નથી પણ પંચકલ્પ નામે સૂત્ર છે તેની ભાષ્યમાં આ પ્રમાણે કહ્યું છે. જૈન સિદ્ધાંતોના અનુભવ વિના અને પૂર્વાપર દૃષ્ટિ કર્યા વિના જે અર્થો થાય તે આવા જ થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

(૫) ત્યાર પછી વ્યાખ્યામાં બે ગાથા કહેલ છે તેનો અર્થ પણ તદ્દન વિપરિત કર્યો છે. તે આ પ્રમાણે–પૃષ્ટ ૫ પંક્તિ ૧૮ મી.

आहा गुडाइ भुंजंति । अणमणो सकम्मुणा ॥
उवलित्ते वियाणिज्जा, अणुवलित्ते विवा पुणो ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

एदे हिंदोहिं ठाणेहिं ववहारोण विज्जइ ॥
एदे हिंदोहिं ठाणेहिं अणायारंतुजाणए ॥२॥

આ ગાથાઓ પણ અનભિજ્ઞપણાથી અશુદ્ધ લખી છે. પદચ્છેદ ખોટા કર્યા છે. પહેલું પદજ અશુદ્ધ છે. બીજી ગાથાના પેલા ને ત્રીજા પદના પ્રારંભમાં एएहिं दोहिं જોઇએ તેને બદલે एदे हिंदोहिं લખ્યું છે. જુઓ શુદ્ધિની તારીફ! બીજી પણ આ ગાથામાં ભૂલો છે. હવે તેના અર્થ તરફ દ્રષ્ટિ કરીએ. પૃષ્ઠ ૬ પંક્તિ ૩ જી.

**અર્થ**–ઉપલિપ્ત હો અથવા અનુપલિપ્ત હો અન્યોઽન્ય કર્મસે અનભિજ્ઞ (અજ્ઞાની જન) આધાકર્મગત પાપ અવશ્ય ભોગતે હૈં ॥ ૧ ॥

ક્યોંકિ યે દોષ હૈ, યે દોષોંકે સ્થાન હૈં, ઇન વ્યવહારોંકો દ્રવ્યાનુયોગ જ્ઞાનસે રહિત જન નહીં જાનતે ઔર ગુરૂકુળ નિવાસી દ્રવ્યાનુયોગ જ્ઞાતા મુનિ દોષ તથા દોષ સ્થાનોંકો જાનતા હૈ. ॥ ૨ ॥

આ બે ગાથાનો અર્થ કોઇ પણ વિદ્વાન મુનિરાજ પાસે જઇને પુછો અથવા જરા ગાથાઓને શુદ્ધ કરીને તેનો અર્થ વિચારો એટલે તમને સ્વયમેવ સમજાશે કે કરેલો અર્થ તદ્દન નિર્મૂળ છે. નિરક્ષર મનુષ્ય કરે તેવો અર્થ કર્યો છે. બીજી ગાથામાં કહ્યું છે કે–આ બે સ્થાનમાં વ્યવહાર વર્તતો નથી, એ બે સ્થાનવડે અનાચાર જાણવો. આવા સરલ અર્થને સ્થાને કેવું અગડંબગડં મનમાં આવ્યું તેવું લખી દીધું છે, તે લક્ષ આપીને જોતાં સહેજે સમજાઇ શકે તેમ છે. પરંતુ શાસ્ત્રીએ ભાષાંતર કર્યું ને છપાવ્યું. કોણે તપાસ્યું કે જોયું છે? સાચું કર્યું કે ખોટું કર્યું? તે શાસ્ત્રીનો આત્મા જાણે.

(૬) ઉપરની બે ગાથા બીજા અંગ સૂત્રકૃતાંગની હોવાથી એ ગાથા લખીને વ્યાખ્યામાં લખેલ છે કે–**द्रितीयांगस्य प्रथमाध्ययने ।** ત્યાર પછી પ્રશમરતિ ગ્રંથમાંથી બે ગાથા લખી છે. અને તેને અંતે **इति प्रशमरतौ ।** એમ લખેલું છે (આ ગાથાઓ પણ અશુદ્ધ લખી છે અને ગાથાર્ધ તેમજ ગાથાની સમાપ્તિ ક્યાં થાય છે તે નહીં સમજવાથી અર્ધની નિશાની કરી નથી અને એક ગાથા પૂરી થતાં આંકડો કર્યો નથી.) હવે તેના અર્થમાં કેવો ગુંચવાડો કર્યો છે તે જુઓ.

ઉપરની બે ગાથાનો અર્થ લખી રહ્યા પછી પૃષ્ઠ ૬ પંક્તિ ૬ ઠ્ઠીમાં લખે છે કે–દ્વિતીયાંગકે પ્રથમ અધ્યયનમેં ઐસા વર્ણિત હૈ કિ–કોઇ વસ્તુ૦ ઇત્યાદિ આ પ્રમાણે લખવાથી જે વાત પ્રશમરતિમાં કહેલી છે તે બીજા અંગના પ્રથમ અધ્યયનની ઠરાવે છે. અને વળી તે અર્થ પૂરો કરીને લખે છે કે–'ઐસા પ્રશમરતિ ગ્રંથમેં કહા હૈ.' આ ઉપરથી શું સમજવું? આ વાત પ્રશમરતિમાં છે કે બીજા અંગમાં છે? અથવા બંનેમાં છે? ટુંકામાં શ્વેતામ્બરના શાસ્રોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજ્ઞાતપણું હોવાથી આવા ગોટાળા વાળ્યા છે. આ પ્રશમરતિ માંહેની બે ગાથાઓ સંસ્કૃત છતાં પણ તેના અર્થમાં ગોટાળા વાળ્યા છે તે આગમ પ્રકાશ કરવા ઇચ્છતા ભાઇઓ સ્વયમેવ જોશે તો સમજી શકશે તેથી અહીં તેનો વિસ્તાર કરતા નથી.

(૭) પૃષ્ટ ૬ ઠ્ઠા ની ૨૦ મી પંક્તિમાં ઉપદેશમાળાની ગાથા લખી છે તે આ પ્રમાણે—

" नाणाहिओवरचरणहीणो विहुपयवेणं पयासंतो ।
णयंदुक्खरं करंतोसुट्ठुवि अप्पागमोपुरिसो । १ ।
तह्मा हीणस्स विसुद्धपरुवगस्स नाणाहि जस्स कायव्व "

આનો અર્થ પૃષ્ટ ૬ની અંતની પંક્તિથી આ પ્રમાણે કર્યો છે-યથા ગાથા—" ચરણકરણાનુયોગ અર્થાત્ બાહ્ય ક્રિયાસે હીન ભી શુદ્ધ ઉપદેશ જ્ઞાનમયવચનકો કહતે હુએ, ઔર દુષ્કલ્મષકો કરતે હુએ જ્ઞાનસે પૂર્ણ આત્મજ્ઞાની પુરૂષ નિજજ્ઞાનસે હી સાધુ હૈ. તથા વિશુદ્ધ જ્ઞાનસે હીન હોનેસે ભી બાહ્ય ક્રિયાસે સંપન્ન હોને પર ભી વહ સાધુ હૈ ક્યોંકિ શરીર જ્ઞાન હી હૈ. "

હવે ગાથાની સાથે આ અર્થ મેળવો ને વિચારો. તેમાં ચરણકરણાનુયોગનું નામ પણ નથી. વળી 'દુષ્કલ્મષકો કરતે હુએ જ્ઞાનસે પૂર્ણ આત્મજ્ઞાની પુરૂષ નિજ જ્ઞાનસે હી સાધુ હૈ.' આ અર્થનું બોધકવાક્ય મૂળમાં છે? દુષ્કલ્મષ કરતાં છતાં પણ સાધુ કહેવાય, એવી વાત એ ગાથામાં છે? વળી ત્યારપછી 'વિશુદ્ધ જ્ઞાનથી હીન હોય તો પણ બાહ્ય ક્રિયાથી સંપન્ન સાધુ હોય તે સાધુ છે.' આમ લખે છે તે પ્રમાણે ગાથામાં છે? છેવટે લખે છે કે—'શરીર જ્ઞાન હી હૈ' આ શું? શેનો અર્થ? અને એની મતલબ શું? આવા અર્થ કરાવીને છપાવવાથી લાભ થાય કે નુકશાન થાય? અથવા પ્રયાસ વ્યર્થ જાય. તે વિચારો ને પછી આગળ વધો. આ ગાથા અમારી છપાવેલી ઉપદેશમાળા ભાષાંતરની બુકમાં છે તે જુઓ. ટીકાને આધારે તેનો અર્થ લખવામાં આવ્યો છે તે વાંચો અને પછી આ ગાથા ને અર્થની સાથે મુકાબલો કરો. પરંતુ આવી મહેનત કોણ કરે? અર્થ કે ભાષાંતર કરવાનું માત્ર દ્રવ્ય મેળવવા નિમિત્તે માથે લેનાર પંડિત એવી મહેનત કરે તો તેને કેમ પરવડે? એને તો જેમ મનમાં આવ્યું તેમ લખી દીધું કે ચાલ્યું. કોઇ ભૂલ કાઢનાર કે પૈસા આપતાં અટકાવનાર હોય તો ફીકર. જે ફંડમાંથી આ કાર્યો કરાવવામાં આવે છે તે ફંડમાં પૈસા આપનારનો અવાજ નથી. હીસાબ બાહાર પડતો નથી કે તે દ્રવ્યની શી વ્યવસ્થા છે? પૈસા ક્યાં રોકેલ છે? તે ફંડ ભરનારના જાણવામાં આવે. આ વાત તો પ્રસંગોપાત લખી છે બાકી અહીંઆ તે સંબંધમાં લખવાની આવશ્યકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર બતાવ્યા શિવાયની બીજી પાને પાને અનેક ભૂલો છે તે જોવા જાણુવાની ઇચ્છા હોય તેણે વિદ્વાન મુનિ મહારાજની રૂબરૂ બુક લઇને જવાની જરૂર છે. કારણકે આવી રીતે ભૂલો લખવાથી તો બુક કરતાં મોટું પુસ્તક ભૂલોનું થઇ પડે. તેથી આ હકીકત હાલ તો અહીં સમાપ્ત કરવામાં આવે છે.

પ્રાંતે આગમ પ્રકાશ કરવાનું કાર્ય હાથ ધરનાર બંધુઓને ખાસ સૂચના કરવામાં આવે છે કે-આપ જે કામ કરો તેમાં દીર્ઘ વિચાર કરજો. જે અર્થ લખ્યો ને છપાવ્યો તે ફરવાનો નથી. તમને પ્રથમના ટબા કે બાળાવબોધ તેમાં કામ લાગવાના નથી. એની અંદર બતાવેલા અર્થો સર્વસંમત નથી. ભૂલ ભરેલા છે. તે પણ બતાવવાને માટે વિદ્વાન મુનિ મહારાજાઓ તૈયાર છે. તો એવા લુલા આધાર ઉપર-કાચા પાયા ઉપર આવું મહાન કાર્ય-મોટું મકાન ચણશો નહીં. તેમાં પરિણામે પસ્તાવું પડશે. હજુ પણ શ્વેતામ્બર આમ્નાયના વિદ્વાન મુનિરાજ કે શ્રાવકોને મળો, તેમના વિચારો મેળવો, મદદગાર નકી કરો, તેઓ આગમના અભ્યાસી છે, ગુરૂગમથી તેમણે સૂત્રો પંચાંગી સમેત વાંચ્યા છે એમ ખાત્રી કરો, પછી આગળ પગલું ભરો. પછી જેવી ઇચ્છા ! અત્યારે 'અરાજક જગત્' જેવી સ્થિતિમાં સ્વતંત્ર વિચારને કોઇ રોકી શકે એમ નથી.

છેવટે એક એ પણ સૂચના કરવાની છે કે-તમારે સૌને રાજી રાખીને કામ કરવું છે તે કદાપિ બનવાનું નથી. સૂત્રો કે પંચાંગીની અંદર દિગમ્બરમતનું ખંડન આવશે તે વાંચી તેઓ નારાજ થશે. એટલુંજ નહીં પણ શ્વેતામ્બર આમ્નાયમાં પણ ૪૫ આગમને નહીં માનનાર, પંચાંગી નહીં માનનાર, પ્રતિમાની સાબીતીવાળા પાઠોને નહીં સ્વીકારનાર, તમે જે ટીકાને આધારે મૂળના અર્થ કરશો તો તમારી ઉપર નારાજ થશે. તમારે તો તેને પણ રાજી રાખવા છે તે નહીં બને. બે અર્થ નહીં લખાય, લખશો તો સાચો કયો ને ખોટો કયો તે કહેવું બાકીમાં રહેશે. તેનું જોખમ તમારે માથે રહેશે. પંચાંગીસંમત અર્થજ સાચો ગણાશે, તેજ લખવો પડશે. તે વખત તમારા મિત્રવર્ગના માણસો કચવાશે, તેને રાજી રાખવા જશો તો સત્ય નારાજ થશે. આ બધી બાબતનો વિચાર કરજો. પછી આગળ પગલું ભરજો. આ માત્ર હિતેચ્છુ તરીકેની સૂચનાઓ છે, ઇર્ષા કે સ્પર્ધાને અંગે કાંઇ પણ લખ્યું નથી, એટલું લક્ષમાં રાખજો. તમારા પેમ્ફલેટની અંદર બતાવેલી દલીલો વાંચી અજ્ઞાત મનુષ્ય તો તરતજ તમારા મતમાં મળી જશે પરંતુ જે આગળ પાછળના વિચારવાળા હશે તે એકાએક સંમત નહીં થાય. આટલું જણાવી હાલ તો આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અત્યંત ખેદકારક સમાચાર.

## પ્રવર્તક શ્રી યશોવિજયજીનો સ્વર્ગવાસ.

ઘણી બાલ્યાવસ્થામાં ચારિત્રનો લાભ મેળવનાર, સિદ્ધહેમ વ્યાકરણ તથા ન્યાયના ગ્રંથો વિગેરેનો પ્રશંસાપાત્ર અભ્યાસ કરનાર અને ગુરૂભક્તિમાં તત્પર રહી ગુરૂકૃપાનો અપૂર્વ લાભ મેળવનાર **મુનિરાજ શ્રી યશોવિજયજી** કે જેમને **શ્રી વિજયનેમિસૂરિએ** પ્રવર્ત્તક પદ આપ્યું હતું તેમણે ક્ષયના દુષ્ટ વ્યાધિથી ઘણી બાળ વયમાં ગયા માગશર શુદિ ૧૩ને દિવસે ખેડા ખાતે આ વિનાશી દેહ તજી દીધો છે. એમની બુદ્ધિની તીક્ષ્ણતા ઘણી વખાણવા લાયક હતી ગ્રાહ્યશક્તિ અપૂર્વ હતી. સંસ્કૃત ભાષામાં અપૂર્વ છટાવાળા કાવ્યો રચી શકતા હતા. તેના નમુના તરીકે **સ્તુતિ કલ્પલતા** નામનો એક ગ્રંથ તૈયાર કર્યો છે. તે અત્રેના ગૃહસ્થ શેઠ રતનજી વીરજી તરફથી છપાયેલ છે. આવા વિદ્વાન શિષ્યના સ્વર્ગવાસથી તેમના ગુરૂમહારાજને એક વિદ્વાન શિષ્યની ખામી પડી છે, એટલુંજ નહીં પણ જૈન સમુદાયમાંથી એક પ્રકાશિત થતું રત્ન વિલય પામ્યું છે, તેથી તેમને પણ એ ખામી આવી પડી છે. એવા વિદ્વાનો નવા નીકળવા બહુ મુશ્કેલ છે. જૈન શાસન જયવંતુ છે તેથી તેની ખોટ અન્ય વિદ્વાન પૂરી પાડશે એમ આપણે ઈચ્છીશું; બાકી આવું તૈયાર થયેલ રત્ન વિલય પામવાથી અંતઃકરણમાં ખેદ તો થયા શિવાય રહેતો નથી અને તેથીજ તે ટુંકમાં અહીં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

## " કુવલયમાળા. "

અપૂર્વ રચીક, નોવેલોને પણ ભૂલાવી દેનાર અને રસપ્રાપ્તિ સાથે અમૂલ્ય ઉપદેશ પ્રાપ્ત કરાવનાર આ બુક અમારી તરફથી હાલમાંજ બહાર પાડવામાં આવી છે. બુકનું પ્રમાણ ઘણું વધી ગયા છતાં અને કપડાથી પાકી બંધાવેલ છતાં કિંમત બહુ જુજ—માત્ર આઠ આના રાખવામાં આવી છે કે જેને માટે વાંચનાર તરતજ તેની કિંમત વધારે આંકી શકે તેમ છે. બહારગામથી મંગાવવા ઇચ્છનારે પોસ્ટેજ એક આનો વધારે મોકલવો.

## " શાંત સુધારસ ગેયકાવ્ય. સટીક. "

આ ગ્રંથ હમણાંજ સભા તરફથી છપાઇને બહાર પડ્યો છે. તે સંસ્કૃતના અભ્યાસી મુનિરાજ તથા સાધ્વીઓને ભેટ દાખલ આપવામાં આવનાર છે. પરંતુ દરેક સમુદાયના મુખ્ય મુખ્ય મુનિરાજ ઉપર પત્ર લખી અમે તેમના સમુદાયમાંહેના સંસ્કૃત ભાષાના અભ્યાસી સાધુ સાધ્વીઓનું લીસ્ટ માંગેલ છે. તે આવ્યા બાદ આ ગ્રંથની તેમજ હવે પછી સભા તરફથી કોઈ પણ ગૃહસ્થની આર્થિક સહાયથી બહાર પડશે તે ગ્રંથોની વગર મંગાવ્યે લીસ્ટ પ્રમાણે નકલો અગ્રણી મહાત્મા તરફજ મોકલી આપવામાં આવશે. માટે હવેથી જે સાધુ સાધ્વીઓ સમુદાય પ્રતિબદ્ધ હોય તેમણે અમારી ઉપર પરભાર્યો પત્ર લખવાને બદલે પોતાના ગુરૂમહારાજ તરફજ લખવું અને જે સાધુ કે સાધ્વી સંસ્કૃતના અભ્યાસી હોય પણ સમુદાય પ્રતિબદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારૂં પુસ્તકપ્રસિદ્ધિ ખાતું.

( હાલમાં છપાતા ગ્રંથો અને બુકો. )

૧ શ્રી પદ્મચરિત્રમ્ ( માગધી ગાથાબંધ ) રામચરિત્ર.
૨ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.
૩ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન સહિત.
૪ શ્રી અધ્યાત્મસાર ગ્રંથ ટીકા સાથે.
૫ શ્રી અધ્યાત્મસાર ગ્રંથ મૂળ. ને મૂળ ટીકાના ભાષાંતર સાથે.
૬ પ્રકરણોના સ્તવનાદિનો સંગ્રહ (બીજી આવૃત્તિ)
૭ જ્ઞાનપંચમી. (બીજી આવૃત્તિ)
૮ ચૈત્યવંદન ચોવીશી. ગુજરાતી. ( ચોથી આવૃત્તિ )
૯ બે પ્રતિક્રમણ સૂત્ર. ગુજરાતી, શીલાછાપ ( પાંચમી આવૃત્તિ )
૧૦ ઉપદેશપ્રાસાદ મૂળ (સ્થંભ ૧ થી ૬)

( પ્રેસ કોપી તૈયાર છે તે હવે પછી છપાશે )

૧૧ સૂક્ષ્માર્થ વિચારસારોદ્ધાર સાર્દ્ધશતક. ટીકા સાથે.
૧૨ શ્રી ઉપદેશમાળા મૂળ ને યોગ શાસ્ત્ર, મૂળ.

( તૈયાર થતા તથા થવાના નિર્ણયવાળા ગ્રંથો )

૧૩ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૧૪ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું આખું ભાષાંતર.
૧૫ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર.
૧૬ શ્રી ઉપદેશ પ્રાસાદ મૂળ સંપૂર્ણ ( સ્તંભ ૭ થી ૨૪ )
૧૭ પ્રાચિન ચાર કર્મ ગ્રંથ ટીકા સહિત.
૧૮ આરંભ સિદ્ધિ, લગ્નશુદ્ધિ, દિનશુદ્ધિ (જૈન જ્યોતિષના ગ્રંથો )મૂળ ભાષાંતર સાથે

( ભીમશી માણેક તરફથી ,

ઉપર જણાવેલા ગ્રંથો પૈકી ૨-૪-૫-૬-૭-૧૦-૧૨-૧૬-૧૮ નંબરવાળા ગ્રંથો અન્ય ગૃહસ્થાદિની સહાયથી બહાર પડવાના છે. ૩-૮-૯-૧૩-૧૪-૧૫ નંબરના ગ્રંથો સભા તરફથી બહાર પાડવાના છે, તેમાં સહાયની અપેક્ષા નથી બાકી નંબર ૧-૧૧-૧૮ ને માટે અન્ય સહાયની અપેક્ષા છે. વિનાશી દ્રવ્યને અવિનાશી કરવા ઈચ્છનાર-મળેલા દ્રવ્યનો સદુપયોગ કરવા ઈચ્છનાર ગૃહસ્થે વિચાર જણાવવો. તેમની ઉદાર ઇચ્છા અનુસાર વ્યવસ્થા કરી આપવામાં આવશે. તંત્રી.

## મનુષ્યભવના દશ દ્રષ્ટાંત.

આ નાની સરખી પોકેટ બુક જે દરેક મનુષ્યે-દરેક જૈને પોતાની પાસે રાખી પોતાના અમૂલ્ય મનુષ્ય ભવની કિંમત શું છે તે સમજવી જોઇએ, તે મંગાવવામાં પ્રમાદ શો ? કિંમત માત્ર એક આનો છે. તે સાથે કથાવાળી હોવાથી નાના બાળકને પણ વાંચતાં આનંદ ઉત્પન્ન કરે તેમ છે. મિત્રવર્ગ વિગેરેમાં વહેંચવા લાયક છે. સારાથી મંગાવનારને ઓછા પૈસાથી આપવામાં આવશે. પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only